શ્રી રાસ રસ લ્હાણી.



આવૃત્તિ પાંચમી   કિંમત અમૂલ્ય   પ્રત ૫૦૦૦   સંવત ૧૯૮૬.

સ્વ. શા. મુલચંદભાઈ ગોરધનદાસના સ્મરણાર્થે

છાપી પ્રસીદ્ધ કરનાર—હીરાલાલ મુલચંદભાઈ

અમદાવાદ.

"ઉત્કૃષ્ટ મુદ્રણાલય",
મુદ્રકઃ પટેલ પુરૂષોત્તમદાસ શંકરદાસ
ફર્નાં-ડીઝપીજ રીચીરોડ—અમદાવાદ.

સાંકળીયુ

મર્હુમ શા. મુળચંદભાઈ ગોરધનદાસ.





શ્રી સદ્‌ગુરૂવે નમઃ

શ્રી મંગલાચરણ.

૧ રાગ—નંદકે લાલા હો મતવાલા.

વિઘન હરન ગવરી કે નંદન; સમરૂં સદા સુખદાઈ—ટેક
જો સુમરનસે પાપ કટત હે નિરમલ હો મતિ મોરી—વિ૦
અષ્ટમાસીધી નવનીધ કે દાતા કંઠ કોયલ કરો મોરી—વિ૦
અવગુણ બહોત નહી ગુણ એકે માફ કરો ચુક મોરી—વિ૦
નિરમલદાસ સંતનકો સેવક, ગુરૂ ચરણ લપટાઈ—વિ૦

શ્રી મંગલાચરણ. ૨

શ્રી ગુરૂ ચરણ સરોજ રજ નીજ મન મુકુંદ સુધાર.
વરણવુ રઘુવર વિમળ યશ જો દાયક ફળ ચાર.
વરણવુ માતા સરસ્વતી વાણી અવીચળ આપ,
ગાઉં ગુણ ગોવીંદના ટળે ભવોભવ તાપ
આવો હનુંમત બીરાંજીએ કથા સુનાહુ ઇતીહાસ
તુમ સેવક રઘુનાથકે મે તુંમ ચરણકો દાસ
તુલસીકૃત રામાયણ રામ કથા અનુસાર
પ્રેમે ગાદી પાથરૂં આવો પવન કુમાર
ગુરૂ ગોવીંદ દોનુ ખડે કીનકુ લાગું પાય
બલીહારી ગુરૂ દેવકી ગોવીંદ દીયો બતાય
મોર મુગટ શીર પર ધર્યો મુખ મોરલી ઘમઘોર
વિન્દ્રાવીનકી કુંજમે જય જય જુગલ કીશોર.

શ્રીમન્ નારાયણ નારાયણ નારાયણ
હરિનું ભજન કરો તો ભવ તારાયણ-શ્રીમન્.

પદ ૩.

જયશ્રીકૃષ્ણ કહેવાની મારી ટેવ છે, ટેવ છે ટેવ છે ટેવ છેરે જય૦
શીવ સનકાદીક ઓર બ્રહ્માદીક, નારદ મારા દેવ છેરે-જય૦
સવ સભાને મારા દંડ પ્રણામ છે, સંત બ્રાહ્મણ મારા દેવ છેરે-જય૦

---

૪ પરમેશ્વરને કરવાની સ્તુતી.

વાણી અને મન વીચાર કરે ન પામે,
જ્યાં નેતિ નેતિ કરતાં શ્રુતીઓ વિરામે;
જેને વદે વિવિધ શાસ્ત્ર પવિત્ર ધામ,
તે પ્રાણ બંધુ પરમેશ્વરને પ્રણામ,
કાળ સ્વભાવમય સૌથી સ્વતંત્ર,
જેને રચ્યો જગતરૂપ વિચીત્ર યંત્ર,
જે શુધ બુધ સુખ કારણ પુર્ણ કામ,
તે પ્રાણ બંધુ પરમેશ્વરને પ્રણામ.
જે બુદ્ધિ આદિ શુભ સાધન આપનાર,
જેની કળા કૌશલ્યતા પ્રગતી અપાર;
જેને ન દોષ ગુણ રૂપ નામ,
તે પ્રાણ બંધુ પરમેશ્વરને પ્રણામ.
જેના ભયે પૃથ્વી ધારણ ધર્મ પાળે,
જેના ભયે નહી હુતાસન સદ્ય બાળે;

જેના ભયે પવન વાય ન થાય ધામ,
તે પ્રાણ બંધુ પરમેશ્વરને પ્રણામ,
સીમા તજે ન સમુદ્ર સમર્થ તોય,
જેનો કદાપિ વીનાસ કરે ન કોય;
આકાશથી ન અવકાશ તજાય આમ,
તે પ્રાણ બંધુ પરમેશ્વરને પ્રણામ,
જે જીવ શીવ અને જગત સ્વરૂપ,
જે આચરાચર તણો અતી ઉગ્ર ભુપ,
જે સૌનું અતી અલૌકીક એક ઠામ,
ત પ્રાણ બંધુ પરમેશ્વરને પ્રણામ.
પાસે છતાં અદ્રશ્ય વશ્ય રહે છે,
છેટે છતાં હ્રુદયમાં રમ્યા કરે છે;
જેને જરાય અડે ન જડ હાડ ચામ,
તે પ્રાણ બંધુ પરમેશ્વરને પ્રણામ.
સત્તા વડે પુર્ણ પોષણ કરે છે,
સત્તાદીથી વિવિધ અવતાર લે છે;
જેના વિષે પ્રલયમાં સૌને વિરામ,
તે પ્રાણ બંધુ પરમેશ્વરને પ્રણામ.
જેને વિરંચી હરીને હર નામ આપી,
ભાવે કરે ભજન પુણ્ય વડે પ્રતાપી;
જીભે જપાય હર કેશવ કૃષ્ણરામ,
તે પ્રાણ બંધુ પરમેશ્વરને પ્રણામ.

ભજન ૫ મું.

સદ્દગુરૂ સંગે રહીએ રંગે, આનંદ વાધે અંગે;
પુરણ પ્રેમ તરંગે, પ્રભુને નીહાળીએરે.
નયણે નીરખું હૈડે હરખું, નહિ શામળીઆના સરખું;
અલબેલા વાલા શું અંતર ટાળીએરે.
આનંદકારી અખંડ વિહારી; ગોપીવર ગીરધારી;
હું બલીહારી વારી તારા નામનેરે.
જ્યાં જોઉં ત્યાં તેઓ તેતો અકળ સ્વરૂપી એવો;
સ્નેહ ધરીને સેવો સુંદીર શ્યામનેરે.
રમતા રામ નીરંતર ન્યાળો, હું મારાને નિશ્ચે તાળો;
પ્રીતમ પ્રેમે પાળો નાતો નેહનોરે.

ભજન ૬ ઠું.

આટલો સંદેશો મારા ગુરૂજીને કહેજો.
સેવકના રૂદીઆમાં રહેજો, સંદેશો મારા ગુરૂજીને કહેજો.
કાયાનું દેવળ હમોને લાગે છે કાચું,
તેની ભારવણી હમને દેજો— સંદેશો૦
કાયા જઈ પડશે એતો ક્યાં જઇ સમાશે,
તે ઘર બતલાવી હમોને દેજો— સંદેશો૦
સાધન સમરણ હમે કેનાજ કરીએ,
તેવું બતલાવી હમને દેજો. સંદેશો૦
બેઉ કરજોડી સંત અંબારામ બોલ્યા,
તે દહાડે દરસન હમને દેજો— સંદેશો૦

ભજન ૭ સું.

આટલો સંદેશો મારા ગુરૂજીનો આવ્યો,
સેવકને સાનમાં સમજાવ્યો— સંદેશો૦
પવન પાણી પૃથ્વી તેજ આકાશ,
જાન ઉગરે તો ઓળખી લેજો— સંદેશો૦
સાધન સમરણ તમે ગુરૂજીના કરજો,
ગુરૂ મૂર્તિ ધ્યાનમાં ધરજો— સંદેશો૦
પોતે હતાં એતો પોતે સમાયો;
ભાઉ શરમ ઓળખાયાં— સંદેશો૦
બેઉ કર જોડી સંત અંબારામ બોલ્યા,
તે દહાડે દરશન અમને દીધાં— સંદેશો૦

ભજન ૮ સું.

હરિજન હીંમત હોય તો, શરણું સતગુરૂનું લઇએરે;
તન મન ધન અર્પણ કરી, ગુરૂના વચનમાં રહીએરે-હરિ,
શીષ સમરપીને શીશ થયા, પાછી પાની નવ દઇએરે;
મન કર્મ વચનને વશ કરી, ગુણલા ગોવિંદના ગાઇએરે. હ.
હિંમત રાખી સગાળશાએ, જેની ચંગાવતી રાણીરે;
સાધુ જમાડવાને સુત હણ્યો, આંખે નવ આવ્યાંરે પાણીરે. હ.
પાંચ પાંડવ છઠ્ઠાં કુન્તામા, લાખા ગૃહમાં લેવાયાંરે;
પ્રાણ જતાં સુધી દ્રઢ રહ્યા, તો ગરૂડ ધ્વજ ધાયારે-હ.

ગુરૂરે ગોવીંદ સમ જાણીએ, ભીન્નભાવ નવ કીજેરે,
ગુરૂની કૃપાથી ગોવિંદ મલે, જેથી ભવજલ છીજેરે—હ.
સંત ચરણ રજ સેવતાં, સૌ, સાધન ફલ લઇએરે;
મુળદાસ કે છે જીવણદાસને, તો તો અમરાપુર જઇએરે—હ.

ભજન ૯ મું.

હાંરે હરિ વસે હરિના જનમાં,
હાંરે તમો શું કરશો જઈ વનમાંરે— હરિ૦
ભેખ ધરીને તમો શીદ ભટકો છો,
પ્રભુ નથી કોઈ અરણ્યમાંરે— હરિ૦
કાશી જાવો તમે ગંગાજી નાવો,
પ્રભુ નથી પાણી પવનમાંરે— હરિ૦
જોગ કરોને તમે જગન કરાવો,
પ્રભુ નથી હોમ હવનમાંરે— હરિ૦
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધર નાગર,
હરિ વસે છે હરિના જનમાં રે—હરિ.

ભજન ૧૦ મું.

વહાલો પ્રેમને વશ થયો રાજીરે, એમાં શું કરે પંડિતને કાજીરે
મથુરાના વાસી તો ઘેર આવોને, શામળાનો સંદેશો લાવોને.
વહાલો૦

કરમાબાઇનો ખાધો ખીચડો, અને વિદુરની ખાધી ભાજી.
જુઠાં બોર સવરીનાં ખાધાં વહાલે છપ્પનભોગ મેહ્યો ત્યાગીરે.
વહાલો૦

વિદુરને ઘેર શ્રીકૃષ્ણ પધાર્યાને, કેળાં લાવ્યાં બે માગી.
ગર્ભ કાઢીને છાલ ખવરાવી, વહાલે તોયેના જોયું જાગીરે વહાલો.
ગુણુકા હતી તે પોપટ પઢાવતી, અને તેમાંથી લેહ લાગી;
ભગવાન એને સ્હેજે મળ્યા, એની સંસારની ભ્રમણા ભાગીરે. વહાલો.
ભગતની લોક નિંદા કરે, ને જગત થયું છે પાજી,
ભલે મળ્યા મહેતા નરસિંહનો સ્વામી, માથે ગીરધર રહ્યો છે
ગાજીરે. વહાલો૦

ભજન ૧૧ સું.

તારો નેડો લાગ્યો મને રાજા રણુછોડરે,
રાજા રણુછોડરે, રંગીલા રણુછોડરે. તારો
અધમ ઓધારણુ નામ તમારૂં મહાત્તમ તેનુ મોટુંરે,
હરતાં ફરતાં તમને સમરૂં, બાકી સરવે ખોટુંરે. તારો
કાશી દેખી દેખી દ્વારકાં, તીરથ દેખ્યાં ઝાઝાંરે;
સત્સંગતમાં બેઠો ત્યારે, મનડે મુકી માઝારે; તારો.
ભવસાગરમાં ડુબ પડયો છું. સગાં સબંધી લુંટેરે;
દાસ છોટમપર દયા કરો તો, ભવનાં બંધન છુટેરે. તારો.

ભજન ૧૨ મું.

હાંરે હરિ તમે મારાને હું તમારો,
જાણી પોતાનો મને તારોરે, હરિ.
બાનું તમારૂં માટે શરણે રાખો,
અવગુણ ના જોશો મારારે, હરિ.
મને વહાલું હરિ નામ તમારૂં,
સંસાર લાગે બધો ખારોરે, હરિ.
કામ ક્રોધ મારી કેડે પડ્યા છે,
કુડ કપટ મારા કાઢોરે હરિ.
મહેર કરીને મહારાજ પધારો;
અંત સમે એક દહાડોરે. હરિ.
દાસ નારણસીંગ ગુરૂ પ્રતાપે,
આવ્યા કારજ મારા સારોરે. હરિ.

ભજન ૧૩ મું.

ધન્ય આજની ઘડીરે રળીઆમણી,
મારો વહાલો આવ્યાની વધામણીજીરે વધામણીજીરે. ધન્ય.
હાંરે પુર્યા પુર્યા સોહાગણે સાથીઆ,
જેમાં મલપતા આવે હરિ હાથીઆજીરે, હરિ હાથીઆજીરે.
ધન્ય.

હાંરે હું તો કદલીના સ્થંભ રોપાવતી,
મારા વાલાજીના મંડપ રચાવતીજીરે રચાવતીજીરે. ધન્ય.
હું તો મોતીડાના ચોક પુરાવતી;
મારા વાલાજીની સેજ બીછાવતીજીરે બીછાવતીજીરે. ધન્ય.
હાંરે હું તો ફુલડાના કોટ ચણાવતી-
મારા વાલાજીની આરતી ઉતારતીજીરે. ઉતારતીજીરે. ધન્ય.
હાંરે હુંતો જાવું શ્રીવલ્લભકુળને વારણે,
મ્હેતા નરસિંહનો સ્વામિ ઉભો બારણેજીરે ઉભો બારણેજીરે.
ધન્ય.

ભજન ૧૪ મું.

મારો વાલો તે વ્રજમાં આવે નહીરે,
ઓધવ કહોનેરે વાલમ કહોને અમારો કયો વાંક, મારો,
ઓધવ આઠરે દહાડાની અવધો કરીરે,
એને વીતીરે એને વીતી ગયા ખટ માસ. મારો.
ઓધવ વિપ્ર તે સરવે ખોટા પડયારે,
ખોટા પડીઆરે ખોટા પડીયા જોષીડા કેરા જોષ. મારો.
ઓધવ હેતરે હતું તે હરી લઇ ગયારે
અમને દઇનેરે અમને દઇને ગયેલ ઘણો દોષ મારો.
ઓધવ વાંકરે વિના નવ સંતાપીએરે,

અમો રાંકરે અમો રાંક ઉપર કીયો રોષ— મારો.
ઓધવ ઉંચી ચઢુંને નીચી ઉતરૂં રે
હું તો જોઉંરે હું તો જોઉં વાલમ કેરી વાટ મારો.
હાંરે ગુરૂ ગાયરે ગેમલ અરજ એટલીરે
મુને ખારોરે મુને ખારો લાગે છે વ્રજ દેશ મારો.

ભજન ૧૫ મું.

મુજે દે દર્શન ગીરધારીરે, તેરી સાવરી સુરતપર વારીરે–મુજે.
જમુના તટપર ધેન ચરાવે, મધુર મધુર સ્વર બેન બજાવે,
ખાંધે કામળીઆ કાળીરે. મુજે૦
મોર મુગટ પીતાંબર સોહિએ, દેખ રૂપ મુનીગણ મન મોહે,
કુંડલકી છબી ન્યારીરે. મુજે૦
બંદ્રાવનમાં રાસ રચ્યો છે, ગોપ ગોપીકા સંગ મીલ આવે,
નેપુરકી ધુન પ્યારીરે મુજે૦
ભક્ત હેત હરિ રૂપ બનાવ્યો, બ્રહ્માનંદ મેરે મન ભાયો,
ચરણકમલ બલીહારીરે. મુજે૦

ભજન ૧૬ મું.

હરિ ભજીએ તો આવે સુખની લહેર જો,
આ દુર્લભ મનુષ્યા દેહનો લ્હાવો લીજીએ;
ક્યાં થકી આવ્યો ને જીવ તારે ક્યાં જાવું,
બોલ વિચારી જો ઠરવાનો ઠામ જો.
આ જુઠા જગત સાથે ઝગડો નવ કીજીએ;
અંતે સાચો બેલી સીતારામ જો; આ દુર્લભ.

આ મનુષ્યા દેહ પામ્યોરે મોંઘા મુલનો,
કોટી જન્મનાં પુણ્ય તણો નહિ પાર જો.
આ શીશને સાટેરે માગી નહિ મલે,
એક ઘડી તારી લાખેણી વહી જાય જો. આ દુર્લભ.
આ વ્રજવાસી ગોપીએ લ્હાવો લુંટીઓ,
મુકી દીધી કંઇ માત પિતા કુળ લાજ જો,
સાચું ત સગપણુરે સામળીઆ તણું,
સરીઆ સરીઆ એ વ્રજ વનિતાના કાજ જો. આ દુર્લભ
આ તન મન ધન જોબનરે રંગ પતંગનો,
આ જોત જોતાંમાં તો વણસી જાય જો.
અંતરમાં ઓળખી લે આતમારામને,
કહે પ્રીતમ તારૂં આવાગમન મટી જાય જો. આ દુર્લભ.

ભજન ૧૭ મું.

લેહ લાગીરે લેહ લાગી રામ સીતા પતિ તારી લેહ લાગી.
પ્રભુ તમને ભજ્યાથી મારી ભીડ લાગી. રામ૦
ધ્રુવને લાગી પ્રહલાદને લાગી મહેતા નરસિંહની ભીડ ભાગી. રામ૦
અજ્ઞાનની કોટડીમાં ઉંઘ ઘણી આવે જ્ઞાનીને શબ્દે હું જાગી રામ૦
રમણ રેતીમાં રાસ રચ્યો છે, ગોપીઓના સંગે હું મહાલી રામ૦
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ સતસંગતની લેહ લાગી. રામ૦

ભજન ૧૮ સું.

કનૈયા તોરી બજ રહી બાંસલીઆ (૨)
બાંસલીઆરે બાંસલીઆ કનૈયા તોરી બજ રહી બાંસલીઆ
વહાલાને પાયે નેપુર વાજે, ઠુમક ઠુમક પાઉં ધરેરે કનૈયા
કનૈયા૦
દુધ ના ખાવે વહાલો દહીં ના ખાવે, માખણ મીસરીકો
બડોરે ખવૈયા. કનૈયા.
શાલ દુશાલા હરિકું ધ્યાનમેં ના આવે, કાળી કામળીઆં
કો બડોરે ઓઢઇયાં. કનૈયા.
જમુના કે નીરે તીરે ધેનુ ચરાવે, ગાયો કે ગોવાળ વાલો
બડોરે ચરીયા કનૈયા.
સુરદાસ જાય પ્રભુ તમારે મીલનકો, બંસીબટકો બડોરે બજઇયાં
કનૈયા.

ભજન ૧૯ સું.

નંદલાલ મેલોને મનના આંમળા,
ભક્તિ વાલી લાગી શામળારે વાલા. નંદ.
પેશી પાતાળે પ્રભુ કાળી નાગ નાથ્યો.
તે દહાડાના થયા શામળારે વહાલા નંદ.
પાંડવોની તમે પ્રતિજ્ઞા પાળી,
લાખા ભુવનમાં ઉગારવારે વાલા. નંદ.
તાતી કઢાઇ તમે શીતળ કીધી,
સુધનવાને ઉગારવારે વાલા. નંદ.

ઝેર હતા તે અમૃત કીધા,
મીરાંની લજ્જા રાખવારે વાલા. નંદ.
કુંવરબાઈના વાલે મામેરાં પુર્યાં,
નરસિંહની લજ્જા રાખવારે વાલા. નંદ.
હિરણ્ય કશ્યપને નખે વધેર્યો,
પ્રહલાદને ઉગારવારે વાલા. નંદ.
રાજા રાવણને રણમાં રોળ્યો,
વિભીષણને રાજ્ય આપવારે વાલા. નંદ.
બાઈ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ,
ચરણ કમળ ચીત રાખવારે વાલા. નંદ.

ભજન ૨૦ મું.

સીતાના સ્વામિ તમારો ભરૂસો મને ભારી.
રંક ઉપર વહાલો ચમર ઢોળાવે
ભુપને કીધા ભીખારીરે સીતા.
દેવળ ફેરવી વાલે દરશન દીધાં
કેલૈયો ઉગાર્યો પેલી પારરે. સીતા.
નખ વધારી વાલે હિરણ્યાકશ્યપ માર્યોરે,
પ્રહલાદને લીધો ઉગારીરે. સીતા.
પાંડવોની વહાલે સહાયજ કીધીરે,
લાખા ભુવનમાં મુકી બારીરે. સીતા.
પેસી પાતાળે પ્રભુ કાલી નાગ નાથ્યો,
શ્યામ થયા છો મોરારીરે. સીતા.

તાતી કઢાઇ તમે શીતળ કીધીરે,
સુધાનવાને લીધો ઉગારીરે. સીતા.
ભલે મળ્યાં મહેતા નરસિંહના સ્વામીરે,
નામ ઉપર જાઉં વારીરે. સીતા.

ભજન ૨૧ મું.

શ્રી રણછોડરાયકી જય.

જો તું પુરાણુ પઢરે અઢાર, જો તું સીખ સુણે વારંવાર;
જો તું વેદ ભણે મુખ ચાર, જો તું ઉપનિષદને ગાવે
તોએ ભકિતની તોલે ના આવે.
જો તું ભગવા ધરે બ્રહ્મચારી, જો તું નીકટ ન લાવે નારી,
જો તું દુધ પીયે દુધ ધારી, જો તું સંસાર સ્વપ્ને ગુમાવે.
તોએ ભકિતની તોલે ન આવે.
જો તું જલ સીંચે શીવલીંગે, જો તું પુષ્પ ચઢાવે બહુ રંગે
જો તું ચંદન લેપેરે, અંગે, જો તું કરથી ગાલ બજાવે,
તોએ ભકિતની તોલે ના આવે.
જો તું પારથી પુંજા લેવે, જો તું નિત્ય નવા નવા સેવે,
જો તું ધુપ બત્તી કરે દેવે, જો તું જલમાં જઇ પધરાવે,
તોએ ભકિતની તોલે ના આવે.
જો તું મુન ગ્રહેરે મુની, જો તું જગ્યા પકડેરે સુની,
જો તું અજબ લગાવેરે ધુની, જો તું સાન કરી સમજાવે,
તોએ ભકિતની તોલે ના આવે.

જો તું બોત પાળેરે આચારા, જો તું જુગથી રહે ન્યારા,
જો તું ભોજન કરે એક વારા, જોતું દીનમાં દસવાર નાહે,
તોએ ભકિતની તોલે ના આવે.

જો તું કરવત લેવેરે કાશી, જો તું જુગમાં લેવેરે સાબાશી,
જો તું સદા રહે અપવાસી, જો તું ચૌદ સભાને સમજાવે,
તોએ ભકિતની તોલે ન આવે.

જો તું દાન દેવે ગવરીકા, જો તું કુપ ખોદાવેરે નીકા,
જો તું હવાડો ભરાવેરે ધીકા, જો તું ખોળલે ખાંડ પીરસાવે
તોએ ભકિત૦

જો તું દેવળ બંધાવે ઠાઠે, જો તું સરોવર બંધાવેરે ઘાટે,
જો તું પરબ મંડાવેરે વાટે, જો તું વનમાં તે વાવ ખોદાવે
તોએ ભકિત૦

જો તું ધ્યાન ધરે લક્ષ ભોળા, જો તું કંચન કરે એક તોળા
જો તું દ્રવ્ય લુટાવેરે બોરાં, જો તું બાંધી તે બેડીઓ છોડાવે
તોએ ભકિત૦

જો તું કૃપણ લગાવેરે નીશા, જો તું જટા વધારેરે શીશા,
જો તું ધુની તાપે ચારે દીશા, જો તું વાઘ ચર્મ બીછાવે
તોએ ભકિત૦

જો તું કાન ફાડી ચક્રધારે; જો તું તીરથ ભટકેરે બારે,
જો તું તુંબી લંગોટીને વાળે, જો તું તડ તુંબીડ બજાવે,
તોએ ભકિત૦

એતો કહેને કબીર જન સોઇએ જેને ગુરૂગમ પુર્ણ હોઇએ,
તે નર ભકિત કરે નર સોહીએ, જ્યારે પાંચ વિષયોને હઠાવે
ત્યારે ભકિતની તાલે આવે.

ભજન ૨૨ મું.

ભકિત મહા બળવંતીરે વાલો વશ થઇ આવે ઘેર.
ભકિતને વશ થઇને વાલો વસીઓ ગોકુલ ગામ;
આહીરડાને લાડ લડાવ્યા, એવો છે સુંદર શ્યામ. ભકિત૦
વેદ પુરાણ પોકારે હરિનું, પતિત પાવન નામ;
એ પાંડવોની સાથે રહીને, સઘળાં કીધાં કામ ભકિત૦
અમરીષને હેતે અવતરીઆ, ભકતન કેરે ઘેર,
રઘુનાથને પામ્યા કેરી, એક પુરવની છે પેર. ભકિત૦

ભજન ૨૩ મું.

એસી બન જાયગી, ગોવિંદ ગુણ ગાયસે,
ધ્રુવકી બન ગઇ, પ્રહુલાદકી બન ગઇ,
પુતનાકી બન ગઇ, દુધ પીલાયસે. એસી૦
ગુણકાકી બન ગઇ, ગોપીકી બન ગઇ,
કુબજાકી બન ગઇ, ચંદન લગાયસે, એસી૦
વીદુર કી બન ગઇ, પાંડવોકી બન ગઇ,
કરમાકી બન ગઇ, ખીચડા ધરાયસે. એસી૦
પીપા કી બન ગઇ, મીરાંકી બન ગઇ;
નરસિંહકી બન ગઇ, કીર્તન સુનાયસે એસી૦

રાંકાકી બન ગઇ, બાંકાકી બન ગઇ,
અજામેલકી બન ગઇ, નારાયણ પોકારસે. એસી૦
સુદામા કી બન ગઇ, સજનાકી બન ગઇ;
તુલસી કી બન ગઇ, પવન કુમારસે. એસી૦

ભજન ૨૪ મું.

ભગવાનની ભકિત કરતી વખતે ગભરાય નહી તે વૈરાગ્યના લક્ષણ કહેવાય.

વદી લેને વીરરસની વાણીરે, જેથી રીઝે સારંગ પાની
કરી લેને આવી રૂડી કમાણી, જેથી લેશો મહાપદને માની.
વદી લેને૦
શેઠ સગાળશા દાતા દયાળુ, અને ચંગાવતી શેઠાણી,
સાધુ જમાડવા સુત સંહારીયો, પાપણેનાં આવ્યા પાણી.
વદી લેને૦
બળરાય કેરા જગનમાં નચવા આવ્યા હતા પુરૂષ પુરાણી
દાન આપીને રાયે દેહજ અરપ્યો સુરાની બુઝ સમજાણી
વદી લેને૦
મોરૂધ્વજરાજાએ મુસ્તક વેરાવ્યાં, અને વેદમાં એ વાર્તા લખાણી
પુત્રને કામની બે કરવત તાણે, પીડા ન અંગની પીછાણી.
વદી લેને૦
નીચને ઘેર હરીશ્ચંદ્ર વેચાયા, અને વેચ્યાં તે રોહીદાસ રાણી
સતને પાળવા, રાણી સંહારવા, રાજાએ તલવાર તાણી,
વદી લેને૦

દધીચી ઋષી દાતા દયાળુ, ને ઇંદ્રની :પીડ ઉર આણી,
પોતાના અંગનાં અસ્થિ તે આપવા, દેહ કર્યો ધુળધાણી.
વહી લેને૦

જટાયુ પક્ષીએ જાનકીને માટે, પોતાની પાંખો કપાવી;
મૃત્યુ ક્રીયા રઘુનાથે કરી, જુવો કેવી પુરવની કમાણી.
વહી લેને૦

એક વિવેકના ટેકે ભજો, સત્યનારાયણ નામ એ નીશાની;
તુલજારામ એમ તત્વ તપાસતાં, લેશો મહાપદ માની.
વહી લેને૦

ભજન ૨૫ મું.

દીવામાં દીવેલ ખુટયું હવે નથી વાર મુરખ મનમાં વિચાર,
તું જાણે હું જથાવાલો પુત્ર ને પરિવાર,
ઓચિંતી આવી પડશે જમ કેરી ધાડ. મુરખ મનમાં૦
જુવાનીનું લટકું આવ્યું છે દહાડા ચાર,
મનમાં મસ્તાનો હીંડે, છોગા મેલે ચાર, મુરખ મનમાં૦
શુરો થઇને સામો આવે, બાંધે છે તરવાર;
માથા ઉપર મરણ ભમે કોપી રહ્યો કાળ. મુરખ મનમાં૦
લીલા વાંસની પાલખીને શ્રીફલ બાંધ્યાં ચાર,
ડાભની દોરીએ બાંધ્યો ઉચકનારા ચાર. મુરખ મનમાં૦
વન કેરી કાઠીને છાતી ઉપર ભાર,
કંચન જેવી કાયા તારી બળી થશે રાખ. મુરખ મનમાં૦

સગાં તારાં સ્વારથીઆ, કરે કાગારોળ;
મસાણ સુધી વળાવીને ઘેર પાછા જાય. મુરખ મનમાં૦
જીવ ગયો ક્યાં તેનો કરોને વિચાર,
જે રામના સ્વામી સમરો, ઉતારે ભવપાર, મુરખ મનમાં૦

વૈરાગ્યનું ભજન ૨૬ મું.

જુવો રે તમે જગતના પ્રાણીરે, માથે છે મોત તણી નીશાની;
મારૂં મારૂં કરી માની બેઠો પણ, તારૂં નથી લે જાણી.
એક દિવસ એવો આવશે, સુઇ રહેવું સોડ તાણી. જુવોરે;
આટલું કીધું અને આમ કરવું છે, એમ ધંધાની ધુંસરી તાણી;
કાળા મટીને તને ધોળા આવશે, બોલાશે તોતડી વાણી. જુવોરે.
મુનસફ થઇને મોટપ માનતો, અને બોલતો વાંટા તાણી;
કાળ શત્રુ તને ઘેરશે, ત્યારે કંઠે ઉતરશે નહી પાણી. જુવોરે.
માતપિતા ને બેન બનેવી, વાટ જુવે છે ભાણી;
મુંડી કમાવા જાવે ગયા ત્યાં, જમડે લીધો તાણી. જુવોરે.
દુધ સાકર ને ચોખાથી જમતો, અને સાધુને આપતો ધાણી;
ભોજો ભકત કહે મુવા કેડે, તને ખોબલે નાખશે પાણી. જુવોરે.

અહંકાર નહિ કરવા વિષેનું ભજન ૨૭ મું.

ઉઠી ગયા એવા એવા અહંકારી, રહ્યા નહી દુનીયામાં દેહધારી
છત્રપતી છાજ્યો નહી દુર્યોધન, માતા સતી ગાંધારી;

સો સો પુત્રમાં સેષ રહ્યું નહી, મેલવા મુખમાં વારી. ઉઠી ગયા
મગધદેશનો રાજા જરાસંઘ, મહીપાળો બાંધતો મારી;
ચરણુ ગ્રહી તેને ભીમસેને ચીરીયો. મરણુ ગયો યુદ્ધ હારી. ઉઠી
રાવણુ જેવા રાજા હતા જેને, રીઝયા હતાં ત્રીપુરારી;
ધડને મુસ્તક તેનાં રણુમાં રઝળ્યાં, રાંડી મંદોદરી રાણી. ઉઠી.
સાઠ હજાર સુત રાજા સગરના, ખલકમાં થઇ ગઇ ખ્વારી;
મુની કપીલના શ્રાપે તે બળીઆ, ગયા અવનીમાં અંગ ઉતારી
ઉઠી ગયા એવા૦

હીરણ્યકશ્યપ મોટો હંકારી, તે માનતો હું છું મોરારી;
વીશ્વપતીએ તેને મારીયો, તેમાં કોઇની ન ચાલી કારી.
ઉઠી ગયા એવા૦

માનધાતા સરખા રાજા હતા, તેને માની હતી પૃથ્વી મારી
અવસાનકાળે ચાલ્યા તે એકલા પૃથ્વીએ ન કરી યારી. ઉઠી.
સ્વર્ગ મૃત્યુ અને પાતાલ સુધી, આવાગમન અધિકારી.
તુલજારામ કહે કઇંક ચાલ્યા ગયા, કોણુ ગણુત્રી તારી.
ઉઠી ગયા એવા૦

ભજન ૨૮ સું.

હરી હરી બોલ બોલ સુખમાં,
સુખમાં સુખમાં સુખમાંરે, હરિ૦
હરિ નામ તારે કામજ આવશે,
અંત સમયના દુઃખમાં રે, હરિ૦

હરિ નામ ગાવોને અન્ન કોઇને આપો
સાધુસંતના મુખમાં રે. હરિ૦
હરિ નામ વિના જે જન જનમ્યા,
વાઢ પડી તેની કુખમાં રે. હરિ૦
રઘુનાથ ભગવંત ભજન બીનાતો,
ધુળ પડી તેના મુખમાં રે. હરિ૦

વૈરાગનું ભજન ૨૯ સું.

ચેતે તો ચેતાવું તુનેરે, પ્રામર પ્રાણી;
સજી ઘરબાર સારૂં, મિથ્યા કહે છે મારૂં મારૂં;
તેમાં નથી કાંઇએ તારૂં રે પ્રામર પ્રાણી. ચેતે તો૦
માખીઓએ મધ કીધું, ન ખાધું ન ખાવા દીધું;
લુટનારે લુંટી લીધુંરે, પ્રામર પ્રાણી. ચેતે તો૦
તારે હાથે વવરાશે, તેટલુંજ તારૂં થાશે;
બાકીનું બીજાને જાસેરે, પ્રામર પ્રાણી. ચેતે તો૦
સાહુકારીમાં સવાયો, લખોપતીમાં લખાયો;
કહેને સાચું શું કમાયોરે, પ્રામર પ્રાણી. ચેતે તો૦
દૈવે તે રતન દીધાં તેની તો કીંમત ન કીધાં;
મણી સાટે મેસ લીધાંરે, પ્રામર પ્રાણી. ચેતે તો૦
ખંખેરીને હાથ ખાલી; ચીતામાં જવું છે ઠાલી,
સુક માથાકુટ ખાલીરે, પ્રામર પ્રાણી. ચેતે તો૦
હાથમાંથી બાજી જાશે, પછીથી પસ્તાવો થાશે

કશું ના કરી શકાશેરે, પ્રામર પ્રાણી ચેતે તો૦
હજુ હાથમાં છે બાજી, કરી લ્યો પ્રભુને રાજી;
મુઠી તારી થાસે તાજીરે, પ્રામર પ્રાણી. ચેતે તો૦
નીસર્યો શરીરમાંથી; પછી તું માલીક નથી;
સત્ય ગુરૂજીએ કહ્યું કથીરે, પ્રામર પ્રાણી. ચેતે તો૦

ભજન ૩૦ મું.

જ્યાંલગી આત્મા અંગમાં છે, ત્યાંલગી હરિ હરિ તું કહે.
હાલતા હરિને ચાલતા હરિને બેસતા હરિ તું કહે,
સુતા પહેલાં જે સ્મર્ણ કરે ભાઈ તેની બોલો જય—જ્યાં૦
લીધા સરીખું નામ હરિનું લઈ શકાય તો લે,
દીધા સરીખું દાન છે અન્નનું દઇ શકાયતો દે. —જ્યાં૦
આ સંસારીઓ સર્વે ખોટો ને સાચી વસ્તુ બે,
એક તો પુન્ય બીજું હરિભજન ભાઇ, જીવડા સમજી લે.
—જ્યાં૦
દ્રષ્ટ પદાર્થ સરવે ખોટા ને આત્મા અખંડ છે,
કીડી થકી તે કુંજર લગી ભાઈ કાળ ચક્રનો ભે—જ્યાં૦
એક દીન આંગણે દીવા વિવાહ ને વળી ઢોલ શરનાઇઓ વાગે,
કહે જીવણુ એવો એક દીન આવશે સ્મશાને ધગશે--જ્યાં૦

ભજન ૩૧ મું

વાલીડા ચડજો વારેરે બળવંતા બેલી,
કપાશે બંધન કયારેરે બળવંતા બેલી.
વાલાજી મારા નથી આ વેળા કોઈ મારૂં

છે શરણું એક તમારૂં રે— બળવંતા૦
વાલાજી મારા વડાઈ આપની વીચારો,
અપરાધ ન જોશો મારો રે—
વાલાજી મારે સગપણ તમારૂં એક સાચું,
બીજુ તો સર્વે કાચું રે— બળવંતા૦
વાલાજી મારા પિતા તમો છો માતા,
ભુધરજી મારા ભ્રાતારે બળવંતા૦
વાલાજી મારા તમો છો દીન કેરા બંધુ,
શામળીઆ ગુણના સીંધુરે. બળવંતા૦
વાલાજી મારી નબળી વખતના છો નાણું;
જગ સર્વે મીથ્યા જાણુંરે— બળવંતા૦
શરણાગત કેરી સંભાળ સ્વામી છો લેનારા,
રૂષિરાજ રૂદે રહેનારારે— બળવંતા.

ભજન ૩૨ મું.

માયામાં મનડુ મોહ્યુંરે—પામર પ્રાણી
પ્રભુમાં ચીત ના પરોયુંરે— પામર પ્રાણી.
જીવલડા ઉંધે માથે દસ માસ તું તો ઝુલ્યો,
તે દહાડા કેમ તું ભુલ્યોરે— પામર પ્રાણી
જોને અલ્યા તું તો બળતો હતો, જઠરાની ઝારે.
ઉગાર્યો દીનદયાળેરે— પામર પ્રાણી.
કરડતાં તારી કાયામાં, કરમીઆને કીડા,

પસ્તાતો પામી પીડારે— પામર પ્રાણી
ખાટું ને ખારૂં તીખું જનેતા તારી ખાતી,
તે થકી બળતરા થાતીરે— પામર પ્રાણી
ગોઝારા તેં તો મળને, મુત્રમાં ખાધાં ગોથાં,
પુછાવી જોને પોથાંરે— પામર પ્રાણી.
મુઓતો મુરખ તું તો, આળા ચામડાની માંહી,
ત્રીકમજી બેલી તારીરે— પામર પ્રાણી.
સંભાર્યા સાતે મહિને રૂષિરાજ કેરા સ્વામી,
એલબેલા અંતર જામીરે— પામર પ્રાણી

ભજન ૩૩ મું.

સીતારામને ભજીને લાવો લીજીએરે;
મુખે રામકૃષ્ણ રામકૃષ્ણ કીજીએરે. સીતા૦
તારો અવસર પળ પળ જાય છે રે,
તારા ઘટમાં બેઠો તે કાળ ખાય છેરે સીતા૦
તારૂં જોબન જાશે ને જરા આવશેરે;
તુને ભાણે ભોજન નહિ ભાવશેરે સીતા૦
તારા વાલા તે વેરી થઇ લાગશેરે,
તારી દેહ દેખીને દૂર ભાગશેરે. સીતા૦
કાંઇ ધર્મ કરો તો આડે આવશેરે,
તે તો જમના તે માર મુકાવશેરે સીતા૦
સખી રામદાસ કહે છે નરનારનેરે
સંત સેવો તો ઉતારે ભવપારનેરે; સીતા૦

ભજન ૩૪ મું.

હરીને ભજતાં હજી કોઇની લાજ જતાં નથી જાણીરે
જેની સુરતા શામળીઆ સાથ વદે વેદ વાણીરે
વાલે ઉગાર્યો પ્રહ્લાદ હિરણ્યકશ્યપ માર્યોરે
વિભીષણને આપ્યું રાજ્ય રાવણ સંહાર્યોરે
વાલે નરસિંહ મહેતાને હાર હાથો હાથ આપ્યોરે,
ધ્રુવને આપ્યું અવીચળ રાજ પોતાનો કરી થાપ્યોરે
વાલે મીરાં તે બાઇના ઝેર હળાહળ પીધાંરે
પંચાળીના પુર્યાં ચીર પાંડવ કામ કીધાંરે
આવો હરી ભજવાનો લાવો ભજન કોઇ કરશેરે
કરજોડીનેકહે પ્રેમળદાસ ભક્તોનાં દુ.ખડાં હરશેરે.

ભજન ૩૫ મું.

બાનાની પત રાખ પ્રભુ તારા બાનાની પત રાખ
બાનાને માટે જો દુખ દેશોતો કોણ જપે તારો જાપ પ્રભુ૦
ઝેર હતાં તે અમૃત કીધાં મીરાંબાઇને કાજ પ્રભુ૦
રોહીદાસનું તમે શ્રીફળ લીધું ના જોઈ જાત કે ભાત પ્રભુ૦
તાતી કઢાઇ તમે શીતળ કીધી સુધન્વાને કાજ પ્રભુ૦
મહેતાને મંડળીક મારવા આવ્યો ત્યારે કેદારો લાવ્યા
મધરાત પ્રભુ૦
પંચાળીના તમે પટકુળ પુર્યાં રાખી સભામાં લાજ પ્રભુ૦
પ્રહલાદની તમે પ્રતીજ્ઞા પાળી સ્થંભમાં પુર્યો વાસ પ્રભુ૦
તુળશીના સ્વામીને કહું કરજોડી અંતરની પુરજો આશ પ્રભુ૦

ભજન ૩૬ મું.

જીવલડા આજ કે કાલમાં જાણિં ઉડી જાસે રાખ થઇ તન
આવું-જી૦

પડયાજાળે પંખી તે તો પકડાશે, કમળ ખીલ્યા ખચીત કરમાશે
જનમીઆ તે તો જરૂર મરી જાશે— આવું-જી૦
ગયા જોને ગાદી પતિ ખાઇ ગોથા, પડયા મુકી ચાલ્યા.
પંડિત પોથા.

થયા પછી થોરે સડી સડી થોથા— જી.
ખમા ખમા કહેતા પડતા આખડતા ચતુરંગી જેની પુઠે
દળ ચઢતા.

જુઓ એના નામ હવે નથી જડતા જીવલડા૦
ગુણીજન જેની આગળ નીત ગાતા વળી દેશ વિદેશ વખણાતા
તે તો ગયા કાળમાં પુરે તણાતા— જીવલડા૦
નવા નવા પોશાક પહેરી નીકળતા મોટા મોટા;
મહિપતીને જઈ મળતા.

બહુ એવા જોયા મશાણોમાં બળતા— જીવલડા૦
ફુલાકાને ફટકાવી ફાંકડા ફરતા ધમક ધમક ધરતી,
ઉપર પગ ધરતા.

દીઠા નજરે ઠાઠડીઓમાં ઠરતા— જીવલડા૦
જેને ઘેર ત્રંબાળું તો ગાજે વળી વાજા છત્રીસ રાગોના વાગે.
રાજા એવા બળતા જોયા રૂષિરાજે. જીવલડા૦

ભજન ૩૭ મું.

સર્વ તજીને ભજીને શ્રી ગોવિંદને,
જે નારાયણ નોધારાનો આધારજો; સર્વ૦
અપર માને વચને ધ્રુવજી વન ગયા;
નારદજીએ દીધો છે ઉપદેશ જો,
જ્ઞાન ભક્તિ વૈરાગ્ય તે મનમાં આણીયા.
પ્રભુ ભજ્યા કાંઇ ત્યાં જઈ બાળે વેશ જો સર્વ૦
દૈત્ય પુત્ર પ્રહલાદજી જે આગે થયા,
લાગ્યો છે કાંઈ પિતા પુત્રને વાદ જો.
સ્થંભ થકી પ્રગટીયા નરસિંહ રૂપ ધરી,
શ્રી મહાપ્રભુજીએ દીધો તેને સાદ જો. સર્વ૦
લાખા ગૃહમાં પાંડવને આવી મળ્યા,
ભક્ત જનોની દીધી છે ઘણી ધીર જો;
સ્મરણ પહેલાં આવ્યા છો તમે સદા,
ભક્ત જન ઉગાર્યો પાંચે વીર જો. સર્વ૦
સુદામાનું દારીદ્રપણું તો જાણીઉં,
મુષ્ટિલ તાંદુલ આરોગ્યા મહારાજ જો,
દાસ દયાના પ્રભુજી કરૂણા કીજીએ;
ભક્તારે જનના કીધા કોટીક કામ જો. સર્વ૦

ભજન ૩૮ મું.

તને મલ્યો મનુષ્ય અવતાર માન્ય કરીનેરે,
ભાવે ભજીલેને ભગવાન હેત કરીનેરે,

નહીતો ખાશો જમના માર પેટ ભરીનેરે
માટે રામ નામ સંભાર. તને૦
ગઇ પળ પાછી ફેર ન આવે, મુરખ મુઢ ગમાર,
ભવસાગરની ભુલવણીમાં, વીતી ગયા જુગ ચાર,
ફેરા ફરીનેરે. તને૦
ગર્ભવાસમાં જાળવી રાખ્યો, નવ માસ નીરધાર;
અરજી કીધી અલબેલાને, બહાર ધર્યો અવતાર.
મોહયો માયાનેરે તને૦
કળજુગ કુડો રંગે રૂડો, કહેતાં ન આવે પાર,
જપ તપ સાધન કશુ બને નહિ, એક નામનો આધાર,
કૃષ્ણ જપી લેનેરે. તને૦
સંસાર સાગર મહાજળ ભરીઓ, એક રામનામકો જહાજ
ગંગારામકો જ્ઞાન બતાયો, રામદાસ મહારાજ
દયા કરીનેરે. તને૦

ભજન ૩૯ મું.

લેને લેને લાવ જીવને જોતાં નહી જડે,
જોતાં નહી જડેરે જીવને ખોળ્યો નહી મળે. લેને૦
મોતી સરખો દાણો લઇને ઘંટીમાં દળે,
આવો રૂડો મનખો મેલી ભુતમાં ભમે. લેને૦
બાવળીઆનું બીજ વાવે આંબો નહિ ફળે,
કસ્તુરીને કેવડો લઇ તેલમાં તળે. લેને૦
સંત બોલાવે બોલતો નથી અને અભીમાનમાં ફરે,

મારી ધકે આગળ કરશે વેઠે ભાર ભરે. લેને૦
માયા તને મીઠી લાગે ગોળસે ગળે,
નરભેરામના સાથમાં તો કુળ નહી મળે. લેને૦

ભજન ૪૦ મું.

ધન્ય એકાદશી, એકાદશી કરીએ તો વૈકુંઠ પામીએ. (૨)
મારે એકાદશીનું વ્રત કરવું છે,
મારે ધ્યાન હરીનું ધરવું છે;
મારે વૈકુંઠમાં જઇ ઠરવું છે. ધન્ય એકાદશી૦
મારે એકાદશીનું વ્રત સારૂં છે,
એતો પ્રાણજીવનને પ્યારૂં છે,
એતો વૈકુંઠમાં લઇ જનારૂં છે, ધન્ય એકાદશી
જે કોઇ બારમાસ કરે એકાદશી,
તેના અંતરમાં વસે અવિનાશી,
નહી કરશે તે જાય હાથ ઘસી, ધન્ય એકાદશી
મારે ગંગા ઘાટે જાવું છે,
મારે જુમનાજીમાં ન્હાવું છે,
મારે ભવસાગર તરી જાવું છે. ધન્ય એકાદશી
જેને એકાદશીના વ્રત કીધાં છે
તેના ચાર પદારથ સીધાં છે.
તેને પ્રભુએ પોતાના માની લીધા છે, ધન્ય એકાદશી
અમરીશે એ વ્રત કીધું છે,

દંડ દૂર્વાસાને દીધું છે,
રસ પ્રીતમ પ્રભુએ પીધું છે, ધન્ય એકાદશી

ભજન ૪૧ મું.

શ્રી એકાદશીનું વૃત જે કોઇ કરશેરે
એને ભાવ થકી ભગવાન સહેજે મળશેરે,
શ્રી ફરાળ કરી ફલકંદ રહે અપવાશીરે.
તેનું પાપ રહ્યું નહી લેશ શું જાય કાશીરે.
શ્રી કુડ કપટને દંભ સર્વ ત્યાંગીરે
કરે એકાદશીનું વૃત તે બડભાગીરે,
શ્રી અંત સુધરસ સાથ પ્રેમ પાશેરે,
વૃત રાખે કરી વિશ્વાસ વૈકુંઠ જાશેરે,
શ્રી યોગ યજ્ઞ જપ દાન ફળશે કયારે,
કરો એકાદશીનું વૃત પ્રેમે જ્યારે
શ્રી માત પીતા સુત ભ્રાત સઘળા મેલીરે
જાવું એકલડા જમ સાથ નહી કોઇ બેલીરે
શ્રી સઘળા વૃતમાં શ્રેષ્ઠ આ વૃત જાણોરે
બીજા કર્મતણો નહી પાર એકજ માણોરે
શ્રી એક શીખામણ એજ શ્રવણે ધરજોરે,
કરી પરમારથમાં પહેલ વૃતજ કરજોરે
શ્રી દશ ઇંદ્રીને મન સર્વે જીતીરે,
સુણો દામોદરની રીત રાખી પ્રીતીરે

ભજન ૪૨ મું.

વાગે છેરે વાગે છે, વંદ્રાવન મોરલી વાગે છે.
એનો શબ્દ ગગનમાં ગાજે છે, વંદ્રાવન મોરલી વાગે છે.
વંદ્રા તે વનને મારગે જાતાં.
દાણુ દધીનાં માગે છે બંદ્રાવન મોરલી વાગે છે.
વંદ્રા તે વનની કુંજ ગલનમે.
રાધા ને કૃષ્ણ બીરાજે છે વંદ્રાવન મોરલી વાગે છે.
વંદ્રા તે વનમાં રાસ રચ્યો છે,
થૈ થૈ થૈ થૈ નાચે છે. વંદ્રવન મોરલી વાગે છે.
હમે સુતાં હતાં ભર નીદ્રામાં,
નણુદી વેરણ જાગે છે. વંદ્રાવન મોરલી વાગે છે.
બાઈ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ,
એના દરસનથકી ભીડ ભાંગે છે વંદ્રાવન મોરલી વાગે છે.

ભજન ૪૩ મું.

મારા વહાલાના વનમાંય વાગે રૂડી વાંસલડી;
હું તો ઘેલી ફરૂં ઘરમાંય, કોણે દીધી સાંકલડી. મારા.
કુંભ વિના જળ ભરવા ચાલી શીરપર મેલી ઉંઢાણીરે,
ગરણું લઇ જળ ગળવા બેઠી (૨)
કુંભની શુદ્ધ બુદ્ધ ભુલીરે, વાગે રૂડી વાંસલડી મારા.
દોણિયા વીના ગાય દોવા બેઠી સાડી ભીંજાણી નવ જાણીરે.
વાછરૂં વાળતા ગોપીઓએ (૨)
બાળક બાંધ્યાં તાણીરે વાગે રૂડી વાંસલડી મારા.

ઘીને તાવીને છાસમાં રેડયાં, દુધમાં રેડયાં પાણીરે,
નેતરૂ લઈ નાવલીઓ બાંધ્યો (૨)
ઘરનો ધણી નવ જાણીરે. વાગે રૂડી વાંસલડી મારા૦
પાત્ર વિનાનાં ભોજન પીરસ્યાં મોદક મરચાં ભેળીરે,
શાકર વડીનાં શાક વઘાર્યાં (૨)
સેવોમાં સુંઠ ભેળીરે. વાગે રૂડી વાંસલડી મારા૦
સાસુ કહે વહુને વૈતર વળગ્યું અવચરીઆ ઉતરાવોરે,
દીયર કહે ભોજાઈને બાંધો (૨)
સાન કરી સમજાવોરે. વાગે રૂડી વાંસલડી મારા૦
તન મન ધન પ્રાણુ હરિને મારો વહાલો મથુરાં જાયરે.
રામકૃષ્ણુ પ્રભુ એ રસ પીતા (૨)
વારે તેને સમજાવું રે વાગે રૂડી વાંસલડી મારા૦

ભજન ૪૪ મું.

ધણી ખમારે રંગીલા રણછોડને જો,
રસીયાજી રૂપાળા ચીત ચોરને જો, ધણી ખમારે.
નીત્ય આવે સોભાગી તમ બારણે જો,
વારી વારી વાલમને જાય વાણે જો. ધણી ખમારે૦
મારો વાહલોજી સામળે વેશ છે જો,
એના નેત્રોમાં મોહીની વિષેશ છે જો ધણી ખમારે૦
મુખ નીરખતાં ભુખ દુઃખ જાય જો,
અંગો અંગે આણુંદ ઉભરાય જો. ધણી ખમારે૦

પદ પરસતાં હર્ષ સમાતો નથી જો,
પ્યારો પુરો પ્રગટ તો થાતો નથી જો. ધણી ખમારે
સુખ સાગરથી સુખડા અપાર છે જો,
અનુ એવાનો ધન્ય અવતાર છે જો. ધણી ખમારે

ભજન ૪૫ મું.

ભુતળ ભકતી પદારથ મોટુ બ્રહ્મ લોકમાં નાહી રે.
પુંન્ય કરી અમરાપુરી પામ્યા.
અંતે ચોરાસી માહીરે.
હરીના જન તો મુકતીના માગે
જનમો જનમ અવતારરે; ભુતળ.
નીત્ય સેવા નીત્ય કીરતન ઓછવ
નીરખવા નંદકુમારરે
ભરતખંડ ભુતળમાંરે જનમી
જેણે ગોવીંદના ગુણ ગાયારે
ધન્ય ધન્ય એની માતા પીતાને.
સફળ કરી એની કાયારે ભુતળ.
ધન્ય વંદ્રાવન ધન્ય એ લીલા
ધન્ય એ વ્રજના વાસીરે
અષ્ઠમા સીધ્ધિ આંગણીએરે ઉભી.
મુકિત તે એની દાસીરે, ભુતળ

એ રસનો સ્વાદ શંકર જાણે
જાણે શુકદેવ જોગીરે
કંઈ એક જાણે વ્રજનીરે ગોપી
ભણે નરસઓ ભોગીરે ભુતળ

ભજન ૪૬ મું.

હાં હાંરે સંતો સંતસમાગમ મોટો
જેનો ત્રીભુવનમાં નહિ જોટો જોટો રે, સંતો
કરવો હરિભજન વેપાર
તેમાં કહિ નાવે તોટો તોટો સંતો
જગમાં જાયું તે જાવાનું
કરતા ખર ખરંશો ખોટો ખોટોરે સંતો
ધરવું ધ્યાન હરિનું સાચું
એ વિન સઘળે ગરબડ ગોટો ગોટોરે સંતો
માટે રામકૃષ્ણભાઇ બોલો
નહિંતો જમડા ઝાલસે તોટો તોટોરે સંતો

ભજન ૪૭ મું.

રામે રામ જપોને જગમાં જે ડાહ્યા ને સાણા
રામ રસાયણ મીઠો મેવો, સકલ શાસ્રનો સાર
હરતા ફરતા સુતા બેઠા રામ જપે બેડો પાર રામે
યાજ્ઞવલ્કયે કહ્યું ભારદ્વાજને શીવ પારવતી નારી રામ,
કાગભુસંડીએ કહ્યું ગરૂડને રામ ભજે બેડો પાર રામે

ભજન ૪૮ મું.

રામૈઆનુ ભજન તમે ભુલસો ન ભઈ
વારેવારે મનખો આવશે નહી
તારો વારે વારે મનખો આવશે નહી
કાચી કાયાનો પંડ બંધાણો
હે કાંકરે કાંકરે ઉડી ગયા કંઇ, વારે
રાજા રાવણ અતી અહંકારી
અતી અહંકારે ગઢ લંકા ગઇ વારે
વંદ્રા તે વનમાં રાસ રચ્યો છે.
આજે આનંદની હેલી થઈ; વારે
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ.
લક્ષ ચોરાશીની પીડા ગઇ વારે

ભજન ૪૯ મું.

જસોદા તેરોરી લાલાને મેરી દહીકી મટુકીઆ ફોડ,
દહીકી મટુકીઆ ફોડ અરરર દહીકી મટુકીઆ ફોડ, જ.
દહીકી મટકી ધરી શીરપર મેં જાતી બડે લોર,
વંદ્રાવનકી કુંજ ગલનમેં મીલ ગયો નંદકીશોર જ.
ગોકુલ ગામકી મેં ગોવાલણ જાતી વંદ્રાવન થોર
દે દધીકા દાણ ગોવાલણ એમ બોલે માખણ ચોર. જ.
મોસે કહે નાચ મેરે સંગમે અપન દોનુકી જોડ
ગ્વાલબાલ તો સબા કૃષ્ણ કે હસ રહે દૌકર જોડ. જ.

ઇતજાઊ તો સખા કૃષ્ણકે રોકે ચારૂ કોર,
ઇતજાઊ તો જમુનાનાં વેરણ ઘેર લેહી લોર. જ.
અબ ન બસુંગી એ વ્રજમાંહી અમને લીયો મુખમોડ,
છોટીસી કયા કહું અછછી નગરીઆ રાધા નંદકીશોર જ.
જમના તટપર બંસી બજાવે કાલી કામલીઆ ઓઢ
સુર સ્યામકે સ્વામી કનૈઓ જુલમી જાલીમ જોર. જ.

ભજન ૫૦ મું.

ભકતોની ભીડ કયાં ન આવ્યો રે
હુંતો ભકતોની ભીડ કયાં ન આવ્યો.
એમ કહે છે શ્રી રણછોડરાયોરે, હુંતો.
કબીર સારૂ હુંતો વણઝારો થઇને,
પોઠો ભરીને ઘેર લાવ્યોરે. હુંતો.
ધના ભકતની મેં ખેતી નીપજાવી,
ઘઉં ના ગાડાં ભરી લાવ્યોરે. હુંતો
સેના ભગત સારૂ સનમુખ રહીને,
હું સેનો નાઇક કહેવાયોરે. હુંતો.
પ્રહલાદની મેંતો પાળી પ્રતીજ્ઞા
સ્થંભમાં વાસ કરાવ્યોરે હુંતો.
નામદેવ સારૂ મેંતો મારાજ હાથે,
ઘરનો છાપરો છાયોરે. હુંતો.

દામાજી સારૂ હુંતો માઢજ થઇને,
ભરણુ ભરીને પહોંચ લાવ્યોરે. હુંતો.
નરસિંહ મહેતાને મંડળીક મારવાને આવ્યો
કેદારો મધરાતે લાવ્યોરે. હુંતો.
કુંવરબાઇના મેં મામેરા પુર્યાં,
સૌનો કર ચુકાવ્યોરે. હુંતો.
દાસ નારણુ કહે ગુરૂ પ્રતાપે,
કૃષ્ણજીએ કર મારો સાહ્યોરે. હુંતો

ભજન ૫૧ મું.

પ્રભુએ ધાર્યું હોય તે થાય.
ડહાપણુ કોઈનું કામન આવે, કરોને કોટી ઉપાય. પ્રભુ.
ભીમ અર્જુન ને સહદેવ નીકુળ, પાંચમા ધર્મ કહેવાય.
એ પાંચેના દેખતારે, સતી કેમ લુંટાય. પ્રભુ,
રામ જેવા સત પુરૂષ કહીએ, તે પણુ વનમાં જાય.
સતી સીતાને કલંક ચઢાવ્યું. રાવણુ શીર રોળાય. પ્રભુ.
રાજાને જ્યારે રઢ લાગી ત્યારે, મૃગીયા રમવા જાય.
એરે રૂષીને ડુભસેરે, તરત સર્પદંસ થાય. પ્રભુ.
પરીક્ષત રાજાના જનમેજય કહીયે, તે પણુ રાજા કહેવાય.
જગન કરતા રંભાને વરતા, અઢાર બ્રહ્મહત્યા થાંય. પ્રભુ.
સુભ મહુરતને સુભ ચોગડીઆ, શુભ ગ્રહે લેવાય.
સારા સુકન જોઇ લગ્ન લખીઆં, રંગ ભરેલી રોળાય. પ્રભુ.

હાંણુ વૃદ્ધી છે હરીને હાથે મુરખ મન મલકાય.
કરનારો તો કરી રહ્યો છે, અણ સમજુ અથડાય. પ્રભુ-

ભજન પર સું.

ઇતિના તુ કરના સ્વામી, જબ પ્રાણ તનસે નીકસે
ગોવિંદ નામ લેકર ફીર પ્રાણ તનસે નીકસે
શ્રી ગંગાજીકા તટહો યા જમનાજીકા બટ હો
મેરે સાવરા નીકટહો, જબ પ્રાણ તનસે.
શ્રી વૃંદ્રાવનકા સ્થલ હો મેરે મુખમેં તુલસી દલ હો
વિષ્ણુ ચરણકા જલ હો. જબ.
સીર સોહના મુગટ હો મુખડેપે કાલી લટ હો,
એહી ધ્યાન મેરે ઘટ હો. જબ.
જબ પ્રાણ કંઠ આવે કોઇ રોગ ના સતાવે
યમ દર્શન ન દીખાવે. જબ.
મેરા પ્રાણ નીકલે સુખસે તેરા નામ નીકલે મુખસે
બચ જાઉ ઘોર દુઃખસે. જબ.
ઉસ વખત જલદી આના નહી શ્યામ ભુલ જાના.
બંસીકી ધુન સુનાના. જબ.
યેહ નેકસી અરજહે માનો તો કયા હરજહે
ખુદ આપકી ફરજહે જબ.
વિદ્યાનંદ કીહે અરજી ખુદ ગરજકી હે ગરજી
આગે તુમારી મરજી. જબ.

ભજન ૫૩ મું.

હરીના બોલની બલીહારી, હરીના કોલની બલીહારી
હરીનુ નામ સ્મરણ ક્ષણ ક્ષણમાં, પ્રાણ ભરે ઉર ભારી,
પ્રાણ ભરે છે ભારી, હરીના નામપર જાઉં વારી. હ૦
નિરભયતા છે, નિશ્ચીંતતા છે અંતરમાં તેને દ્રઢતા છે,
નિજની પરની હરીપર મુકી જેણે જવાબદારી. હ૦
હરી જેવા પરકૃતી મન વેણે રાખી શક્યા વિશ્વાસ ન તેને,
જરૂર જાણો જગે જન્મીને જીવનભર જખ મારી. હ૦

ભજન ૫૪ મું.

મેતો તેરો દાસ પ્રભુજી મુઝે ના વાસારણા,
મુજે ના વીસારણા મુજે ના વીસારણા. મેતો.
જપ તપ દાન નાહી તીરથ સ્નાન નાહી.
વેદ ગ્રંથ જ્ઞાન નાહી નહી યોગ ધારણા મેતો.
દીનનકે નાથ સ્વામી પુરણ પ્રકાશ ધામી;
ચરાચર વશ્વગામી સબ સુખ કારણા, મેતો.
શરણ પડાહું તેરી પુરો અબ આશ મેરી,
કીજીએ ન નાથ દેરી સુનીએ પોકારના. મેતો.
તેરા ગુણ નીત ગાઉં ચરણમાં સીશ નામું,
બ્રહ્માનંદ રૂપ નીહાળું ભવ દુ:ખ હારણા. મેતો.

ભજન ૫૫ મું.

બોલો શ્યામ સુંદીર તમે એક ઘડી.
ગા પ્રભુમા પ્રીતલડી. બોલો.
ધારી શરણુ પ્રભુને સેવો,
નંદકુવરન કેફ ચઢી. બોલો.
દર્શન કરતાં દુખજ ભાંગે,
જીવ શીવની આજે છુટી ઘડી. બોલો.
મન મારૂં પ્રભુમ રમતું
હાથમાં વસ્તુ અમુલ્ય જડી. બોલો.
રાખો સ્નેહ સઉ સાચા સંતમાં
જરૂર ગુરૂને જોવા ચરણુ પડી. બોલો.
કીધુ કામણ મુજને કાનુડે,
જેથી રટણુ કરે મારી જીભલડી. બોલો.

ભજન ૫૬ મું.

તું તો રામ રટણકર રંગેરે.
ફરી અવસર ના આવે આવો.
તુંતો લેને અમુલખ લાવો રે. ફરી.
તેં જન્મ ધર્યા છે ઝાઝા,
હવે એમાં નથી કંઇ માઝા,
ફરી ગર્ભવાસમાં નાવોરે ફરી.

તું સંત શરણુમા રહેજે,
બીજુ સૌ મુકી દેજે,
 ટળે યમરાજનો દાવો રે ફરી.
તજી પંચ વિષયની વાતો,
હરીજનશું બાંધી નાતો,
નિત્ય કૃષ્ણ કથામત ચાખોરે. ફરી.
મીથ્યા સો જગની બાજી,
તે દેખી થવું નહી રાજી,
કહે દામોદર તો ફાવ્યોરે. ફરી.

ભજન ૫૭ મું.

જાગો જનુની જાયા.—એક રાગ.

ઊંડી હૃદયમાં બળતી જળતી ગોપી બોલી બોલ,
કેજો ઓધવજી જઇ કૃષ્ણને તેનો કરે તોલ.
જુમનાને કાંઠે આવી મધુરીસી બંન્સી બજાવી.
ગોકળીયુ દીધુ ગજાવીરે—આ તેનો.
બંસીએ કામણુ કીધા મુજ હૈડાં હેરી લીધા,
એ ઘેલા એ ઘેલા કીધારે—આ તેનો.
કુબજા એ વહાલી લાગી અમને દીધા શું ત્યાગી,
એ બડભાગી હું અભાગીરે—આ તેનો.
પહેલી પ્રીય કળી ખીલાવી હવે શું દો છો કરમાવી,

આમ ભોળીને ભરમાવીરે.—આ તેનો.
જો પ્રભુ દરશન નહીં દેશો મુજ પ્રાણ ખેંચી લેશો,
તો વીયોગ શું તમે સહેશોરે—આ તેનો.
આમ નીરદય ન થાઓ નાથ આવી અંતે પકડો હાથ,
તારો ભક્ત ધનેશ્વર સાથરે—આ તેનો.

ભજન ૫૮ મું.

રાગ ઉપરનો

જાઓ જાઓ કપટી કાનારે તમ સાથ કોણ બોલે. (૨)
મધરાતે બંસી બજાવી ઘરબાર તજી અહીં આવી,
આમ ભોળીને ભરમાવીરે. તમ સાથ.
આ વનવગડામાં મેલી અહીં કોણ અમારૂ બેલી,
કોઇ સખી મળી અલબેલીરે. તમ સાથ.
આ સરદ પુનમની. રાત રમવા આવી તમ સાથ,
તમે ઘણું કરાવ્યું કલપાંત. તમ સાથ.
અમે રાખીતી મોટી આશા તમે કરવા માંડયા તમાસા,
એમે બેઠા ખાઈએ બગાસારે. તમ સાથ.
અમે શું કહીએ તમને ઝાઝું દીલમાં ઘણી હું દાઝુ,
હરિ તમથી હુંતો ગાજુરે, તમ સાથ,

ભજન ૫૯ સું.

રાગ ઉપરનો

ઓધવજી ભલે પધાર્યા રે,
વારે વારે જાઉં બલીહારી,
કહો શો સંદેશો લાવ્યારે,
એમ પુછે વૃજની નારી.
અમો પડયા આહીરના પાલે,
તે મથુરાં જઈને માલે,
કદી યાદ કરે અમારીરે. એમ બોલે.
અમે રથ રોકયો તો જ્યારે,
શાને સમજાવ્યા ત્યારે,
તે ભુલી ગયા અસુરારીરે. એમ બોલે
એ શું કરવાને આવે,
સારૂ કોને ના ભાવે.
એ પરણ્યા નઉતમ નારીરે. એમ બોલે.
જે કંસ રાયની દાસી,
જેવી ઘેંસ રહેલી વાસી,
કુબજા શું કીધી યારીરે. એમ બોલ.
જે મોટા એટલા ખોટા,
ન મળે જગતમા જોટા,
દામોદર દીલમાં ધારીરે. એમ બોલે.

ભજન ૬૦ મું.

દેખો એ કાયાકી રેલ, રેલ સે
અજબ નીરાલી હે,
શ્વાસ ધુવા મુખસે હે જારી,
મોહકી લકરી મીલી હે ભારી
તનકા ઇનજીન લગાકે.
જીસમે અગની બાલી હે. દેખો.
પાપ પુન્યસે મીલીઆ થાલી,
ઇસમેસે અકલ સડક નીકાલી,
દમકા કાંટા લગા જીધર,
ચાહય ઉધર ગુમાવી હે,
નિમ ધરમકા પીંડા બનાકે,
સતકા લઠ્ઠા ખુબ ચડા કે.
જ્ઞાન કમાના જોડ ધ્યાનકી
શંકલ જો ડાલી હે. દેખો.
નજભકા ઘંટા હરદમ હલતા,
ઇસકા ટાઇમ રેલસે મીલતા
કરકા સીંગલ ગીરા
કે રેલ અબ આનેવાલી હે. દેખો.
યે મુસાફર ક્યું દુખ ભરતા,
રામ નામકી ટીકીટ ક્યું ન લેતા,
અબ કક્કી સીટી બજી,
કે રેલ અબ ચલનેવાલી હે દેખો.

તાર ખબરીઆ હીંચકી આઇ,
　　　　કાળ બદલીયા શીરપર છાઈ,
રેલ ભવર છુટ ગયા,
　　　　પડા ઇસ્ટેશન ખાલી હે, 　　　દેખો.
પ્રિતે પુરસોતમ લે ગાઇ,
　　　　ભજી લેને જુગજીવન ભાઈ
તું સમજ સમજ મનમાંહી,
　　　　કે મોહકી જાળી ડાલી હે. 　　　દેખો.

ભજન ૬૧ મું.

નામદેવ દરજી કેરા બાળ એમને, વશ કર્યા ગોપાળ.
બાર વરસની ઉમર થઇ ત્યારે, માબાપ કાશીએ જાય.
કાશીએ ગયા તારે કહેતા ગયાતા, ઠાકોર જમાડી જમાય. ના.
કહ્યા પ્રમાણે કરવા લાગ્યાને, જોવા જેવો છે તાલ.
સવારમાં ઉઠી દુધ કઢાઇ માંહી, સાકર મેવા માલ. 　ના.
કઢેલા દૂધનો પ્યાલો ભરીને, મુખે અડાડયો મોજાર,
તોએ ઠાકોરજી મુખ ના ઉઘાડે, દુધન પીએ લગાર. 　ના.
કઢેલા દુધમા આંગળી બોળીને, જમોને રણછોડ રાય
નામદેવ કહે મારા ઠાકોર શરમાયછે, ખુણે સંતાઈ જાય ના.
તોએ ઠાકોરજીએ થાળ ન આરોગ્યો ને વાર થઇ ઘડી ચાર
રામદેવને તો રીસ ચડીને, મનમાં કર્યો વિચાર. 　ના.

કાલાવાલા ઘણા કર્યાને, મહેનત કરે તન તોડ.
હે પ્રભુ તમે કેમ નથી જમતા, જમોને રાય રણછોડ. ના.
નામદેવને તો રીસ ચડીને મનમાં કરે વિચાર.
તરવાર પોતાના હાથમાં લઈને, મરવા થયા તૈયાર, ના.
ઠાકોરજીને હસવું આવ્યું, લઇ લીધી તલવાર,
દુધ હતું તે પીવા લાગ્યા, ભક્ત તણા રખવાળ. ના.
ગાયે શીખે ને સાંભળે તેનો, વૈકુંઠ થાય વાસ.
દાસ કેશવનો સ્વામિ સાચો, ભક્તિને વશ થાય. ના.

ભજન ૬૨ મું.

આવ્યા છે ગોકુળ તારવા છબીલો લાલ
આવ્યા છે ગોકુળ તારવા
ભુમીનો ભાર ઉતારવા. છબીલો
વસુદેવ દેવકી ઘેર જન્મ ધર્યો છે,
નંદજીની ગઉધેનુ ચારવા. છબીલો.
મારી તે પુતનાના પ્રાણજ લીધા,
મામા કંસને મારવા. છબીલો.
ટચલી આંગળીએ વાલે ગોવર્ધન તોલ્યો,
ઇંદ્રનો ગર્વ ઉતારવા. છબીલો.
વંદ્રાતે વનની કુંજ ગલનમે,
ગોપીઓને રાસ રમાડવા. છબીલો.
નખ વધારી વાલે હિરણાકશ્યપ માર્યો,
પ્રહલાદને ઉગારવા. છબીલો.

પાંડવોની વહાલે સહાયજ કીધી,
લાખા ભુવનથી ઉગારવા. છબીલો
પેસી પાતાળે પ્રભુ કાળીનાગ નાથ્યો,
તે દહાડાના થયા શામળા. છબીલો
બાઈ મીરાં કહે પ્રભુ ગીરધરનાં ગુણ
ચરણકમળ ચીત રાખવા. છબીલો.

ભજન ૬૩ મું.

કોઈ મને કૃષ્ણ દેખાડો રે મધુવનમાં,
કોઈ મને પ્રભુજી મેળાવોરે શ્રી ગોકુળમાં.
મેરી મતી હરી તેરો મરમ ન જાણે,
વનમાં ફરે વાલો તનમાં રે મધુવનમાં. કોઇ
સકલ વન ઢુંઢયા સકલ વ્રજ ઘેર્યા,
અતીશે ઉદાસી મારા તનમાં રે મધુવનમાં. કોઇ
અમર ચીર પેર્યાં મેઘાડંબર ઓઢયા,
ફુલડાં વિનંતી બાગનમાંરે મધુવનમાં. કોઈ.
ફાટતાં ચીર કંઈ હાર મારા તુટયા,
નીર ભર્યાંરે લોચનમાં રે મધુવનમાં. કોઇ
સુરદાસ કહે પ્રભુ તમારે મીલનકુ,
અતીશે ઉલટ મારા તનમાં રે મધુવનમાં. કોઇ

ભજન ૬૪ મું.

નહી રે ટકેરે તનડુ નહી રે ટકે,
છે આ પાણીનો પરપોટો, તનડુ નહિરે ટકે.
કાચી આ કાયા માયા જેવી તેવી છાયારે,
મધુપાન પીને તું તો મમતા બકે છે આ પાણીનો પરપોટો
આશાની બાજી માંડી સ્નેહના સોગટારે,
પ્રપંચના પાસા ઊંધા પડયા શું છકે છે આ પાણીનો.
જેવી આ કરણી એવી પાર ઊતરણીરે,
એવો ડર માથે રાખી હીડાને હકે, છે આ. પાણીનો.
આવ્યો આ અવસર આજે અમીધરજી કેરે કાજે,
પ્રભુ ઊરમાં રાખી કાળને મારોને ધકકે છે આ પાણીનો.

ભજન ૬૫ મું.

આંખ વીના અંધારૂંરે—એ રાગ.

પંખી વીના કોણ માલેરે, (૨)
પાંજરીઆમાં પંખી વીના કોણ માલે;
કાયા પાંજરીઊં તારૂં નથી કાયમ રેનારૂ,
ન જાણીશ પડશે આજ કે કાલેરે. પાંજરી.
જબ જાશે હંસા ઉડી પડી રહેશે માયા મુડી,
જમડા આવીને ટોટો ઝાલેરે. પાંજરી.
વેપારી ઉઠીને ચાલ્યો હાટ મુકીને હાલ્યો,
આ હીસાબ કોઇનો કોઈએ નવ આલ્યોરે. પાંજરી.

ધમણ પડી ગઇ છાની અંદર અગ્નિ ઓલાણી.
કોઢયો મુકીને લુહાર ચાલ્યોરે. પાંજરી.
પીંજર સાંકળચંદ ગાવે ભજીલેને પ્રભુને ભાવે,
આવાગમન મટી જાવેરે. પાંજરી.

વિનય.

ભજન ૬૬ મું.

ભક્તને આધીન છે ભગવંત એ કોને મુકે છે વીસારી,
ઉંડા અંતરના ઉમળકે બોલાવે ત્યાં જઇ આપે છે વારી;
અહલ્યા પડી પડી સલ્યા થઇ પછી અંતર ઉઠી પોકારી,
ચરણકમળનો સ્પર્શ કરાવ્યો જ્યાં સલ્યાની થઇ તે સુનારી. ભ.
પ્રહેલાદ પ્રેમથી સ્થંભમાં પેસીને રીપુને દીધો વીંદારી,
ધ્રુવજીને પદ આપીને નાથજી ભક્તીને આપી સરદારી;
ઝેરની પ્યાલીમાં અમૃત આવ્યું જ્યાં મીરાંએ હોઠે ઉતારી.
એકની ચાર મીરાં જુવે રાણો જ્યાં મારવા કાઢી કટારી, ભ.
સવરીના બોર સુદામાંના તાંદુલ હોંસે આરોગ્યા મોરારી,
ભક્ત વીદુરજીની ભાજી જમી કરી કૌરવ થાળ અકારી;
દ્રૌપદીના ચીર પુર્યાં સભા માંહી ગરૂડે ચઢી ગીરધારી,
કંકોતરી કહો કોને લખી જ્યારે પરણાવી ઓખા કુમારી; ભ.
સીતાને અંગમાં નાંખતા નાથજી પળમાંહી લીધી ઉગારી,
મંઝારી બચ્ચાંને માટે નિભામાંહી રાખી ઉગરવાની બારી

નારાયણે નરસૈયાની હુંડી જ્યાં શામળશા થઈ સીકારી;
માત પીતાને ઉગારી લીધા પણ પેલો કલૈયાને મારી, ભ.
અમરીષ અવગુણુ ના કરતાં દુર્વાસાની થઇ હાડમારી;
તારામતી હરિચંદ્રને તાવીને તારનારો ત્રીપુરારી,
કબીર કમાલને હાથે પીનારો એ દુધની ભરેલી ઝારી,
સુર સુણી સુરદાસનો આવીને આખર લીધો ઉગારી. ભ.
સેના ભગત માટે નાઇક થઈ નાથે કોથળી લીધી સંભાળી,
નેવે ચઢી નામદેવ માટે લીધું છાપરૂ હાથે સંચારી;
બોડાણા બોલથી ડાકોર આવ્યા ત્યાં દ્વારકા સુની બીચારી,
ત્રાજવે તોળાતા આપે નાથજી વાળી બનાવીતી ભારી; ભ.
આવા આવા કંઇક કામો કરી ઠરી બેઠો ના પાલનહારી
કોને ભુલ્યો નહી કોને ન ભુલશે અંતર જોને વીચારી, ભ.
તુલસીનો તાર થતાં એક તાર ત્યાં વાનર સેના ઉતારી.
જોઇ ગરજ ગજરાજની વ્હારમાં દોડયો એ ચક્રધારી,
પુત્ર ને પત્નિને હાથે મયુરદ્વજ, માથે ચલાવીતી આરી,
આંખથી આંસુનું ટીપું પડયું નહિ, ત્યારે મળ્યા અસુરારી;
વીનય ભરી રૂડી વાડી વાણીએ માગે નંદલાલ અપારી;
ધુપ નૈવદ્ય ન મોતી હીરે રીઝે આકીનનો અધીકારી. ભ.

ભજન ૬૭ મુ.

મને હરિ ભજવાની ટેવ પડી,
મારો વાહલોના વિસરે એક ઘડી. સુને૦

સોંપ્યું મન પાછું નહિ વળશે,
શ્રી હરજી શું પ્રીત જડી મુને૦
ગાઇ ગાઇને કૃતાર્થ થઇ ગઇ,
નરસૈયાની જીભલડી. મુને૦

ભજન ૬૮ મું.

તુજ વીના મોરી કોણ ખબર લે શ્રી ગોવરધનધારીરે
મોર મુગટ પીતાંબર શોભે,
કુંડલકી છબી ન્યારીરે.
પાણીની ઉપર પાર બંધાવી,
સેન્યા પાર ઉતારીરે. તુજ.
ઓરનકું તો ઓર ભરૂંસો,
હમકુ આશ તમારીરે. તુજ.
ભરી સભામાં દ્રોપદી ઠારી,
લજ્જા રાખી મોરારીરે, તુજ.
વંદ્રા તે વનને મારગ જાતાં,
મલ્યા છે મોહન મોરારીરે. તુજ.
વંદ્રા તે વનમાં રાસ રચ્યો છે,
સોલસેં ગોપીમાં ગીરધારીરે. તુજ.
જુમનાકે નીરે તીરે ધેનુ ચરાવે,
બંસી બજાવે રંગ પ્યારીરે. તુજ.

વંદ્રા તે વનની કુંજ ગલનમાં,
શોભત રાધા નારીરે. તુજ.

બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ
ચરણ કમળ બલીહારીરે. તુજ.

ભજન ૬૯ મું.

ના વિસારસોરે રૂડા રૂદીયામાંના રામ
મારી કાયાના વિશ્રામ. ના.
હરતાંને ફરતાં ધંધો કરતાં લેજો હરિનું નામ
આ મુખે હરિના ગુણ ગાતાં
શું બેસે છે દામ. ના.
ચરણ આપ્યા ચાલવાને સાંભળવાને કાન,
નયન આપ્યાં હરી નીરખવા,
નીરખો સુંદીર શ્યામ. ના.
વારે વારે કહું સમજાવી. આપણમાં એક ભુલ,
મોંઘો આ મનુષા દેહ મલીઓ,
તક ના ખોશો અમુલ. ના.
સગાં સહોદર સુખના બેલી દુઃખમાં ન આવે કોઇ
થનાર હોય તે થાયા કરશે,
હરી કરે તે હોય ના.
રામદાસ કહે રામને ભજતાં, નનનારી એક ધામ,
અડધે વચને ગુણકા તારી,
તેને આપ્યું વૈમાન. ના.

ભજન ૭૦ મું.

સીતારામને ભજીને લ્હાવો લીજીએરે,
મુખે રામકૃષ્ણ રામકૃષ્ણ કીજીએરે. સીતારામ.
તારો અવસર પલ પલ જાય છે રે;
તારા ઘટમાં બેઠો કાળ ખાય છે રે. સીતારામ.
તારૂં જોબન જાશે ને જરા આવશે રે,
તુંને ભાણે ભોજન નહીં ભાવશે રે. સીતારામ.
તારા વહાલા વેરી થઈ લાગશે રે
તારી દેહ દેખીને દુર ભાગશે રે. સીતારામ.
કાંઈ ધર્મ કરો આડું આવશેરે
એ તો જમના તે માર મુકાવશેરે સીતારામ.
સખી રામદાસ કહે નરનારનેરે,
સંત સેવી ઉતરો ભવપારનેરે. સીતારામ.

ભજન ૭૧ મું.

જેણેરે ગોવિંદરામ તમને વિસાર્યા.
તમને વીસાર્યા તે નર ભવોભવ હાર્યા. જેણે.
તમને વીસારી કવણે સુખ કીધું.
અમરીત ઢોળી વીષ હળાહળ પીધું, જેણે.
તમને વીસારી અવર મન મોહ્યું,
કોડીના બદલામાં કંચન ખોયું. જેણે.

તમને વીસારી અવર રંગ રાચ્યા.
વાંઝ ના રહી તોરી જનુનીરે માતા. જેણે.
તમને વીસારી નિંદ્રા ભરી સુતા.
ભણેરે નરસૈયો તે નર ભવોભવ વછુટા. જેણે.

ભજન ૭૨ મું.

મુને ઘડી નથી વિસરતા રામ,
હરીવર સંકટ હરતા. ટેક
વાલાજી મારા કરપર ગોવર્ધન ધાર્યો,
વાલે વૃજનો દેશ ઉગાર્યો રામ. હરી.
વાલાજી મારા કાળીનાગે તે ફંદ કીધો,
લટકાળે નાથી લીધો રામ. હરી
વાલાજી મારા કંસ હતો બહુ અહંકારી,
મોહનજીએ નાખ્યો મારી રામ. હરી.
વાલાજી મારા તાંદુલ સુદામાના લીધા,
એના મહેલ કનકના કીધા રામ. હરી.
વાલાજી મારા કુબજાનુ ચંદન લીધું,
એનું રૂપ અનુપમ કીધું રામ. હરી.
વાલાજી મારા પંચાળી સભામાં પોકારી,
ચીર પુરણુ પુર્યા મોરારી રામ. હરી.
વાલાજી મારા ભવસાગરના છો તારા.
પીંગળના પ્રાણુજ પ્યારા રામ. હરી.

ભજન ૭૩ મું.

હું નહિ જાઉંરે ગાવલડી ચારવાને જસોદા માતા
તમે શું કહો છે. ગોવાળીયાતો છેડ કરે છે ઝાઝા
મને સવારના પહોરમાં નવડાવે,
મને ઠંડી રોટી ખવડાવે,
મને ગાયોની પાછળ દોડાવે—હું નહિ જાઉંરે
મા વનમાં વાઘ વરૂ રહે છે,
તે દેખી તન મારૂં ધ્રુજે છે,
મા મોકલીને કેમ ઉંઘે છે,—હું નહિ જાઉંરે.
મા જમુનાજી ભરપુર વહે છે,
મને ગોવાળીયા મહેણાં દે છે,
મને કાળીયો કાળીયો સૌ કહે છે—હું નહિ જાઉંરે.
દાસ પ્રીતમનો સુણજો દાવો,
રસ પીઓને પૂરણ પાવો,
તમે હરી ભજીને લ્યો લહાવો—હું નહિં જાઉરે.

ભજન ૭૪ મું.

દુનીઆ રૂઠીને શું કરશેરે પ્રભુ જેના બેલી.
કોઈના માર્યા તે કેમ મરશેરે પ્રભુ જેના બેલી—દુનીઆ.
લાખા તે ગ્રહમાં પુર્યા પાંડવને, કૈરવે લાય કરેલી. પ્રભુ૦
ચંદ્રહાસની વારે રે ચડીઆ, વીખ ફેડી વીખીઆ લખેલી.
ભસ્માંગદની ભવાનીને માટે, શામળીએ કીધી શેલી. પ્રભુ૦

તેલ જેવી સુધનવાની કીધી, તેલ કઢા ઉકળેલી. પ્રભુ૦
અંબરીસને આપો આપ ઉગાર્યા, દુર્વાસાને લાય મેલી. પ્રભુ૦
હરીચંદ્ર રાયની હરકત જાણી, બાજી સુધારી રે છેલ્લી. પ્રભુ૦
જનીઆ રૂપી રાજને દુબે, તેમ તેમ આનંદ હેલી. પ્રભુ૦

ભજન ૭૫ સું.

તેરી શરણમેં આયકે ફીર આશ કિસકી કીજીએ.
નહી દેખ પડતા હૈ મુજે દુનીઆમેં તેરી સાનકા,
ગંગા કીનારે બેઠકે કીમ કુપકા જલ પીજીએ ૧
હરગીઝ નહિ લાયક હું મેં ગરચે તેરે દરબારકા.
મેરી ખતાકો માફ કર દિદાર અપના દીજીએ. ૨
પતીત પાવન નામ સુન કે મેં શરણુ તેરી પડા.
સફલ કર ઇસ નામકો અપના મુઝે કર લીજીએ. ૩
મીલતા હે બ્રહ્માનંદ જીસકે નામ લેને સેં સહી.
એસે પ્રભુ કો છોડકર ફીર કૌનસે હીત કીજીએ.

ભજન ૭૬ સું.

ગઝલ

શ્રી રામ કહેનેકી મઝા જીસકી જબાંપે આ ગયા,
જીવન મુક્ત હો ગયાં ચારો પદારથ પા ગયા. ટેક.
ટી મઝા પ્રહલાદને ઉસ નામકે પરતાપસે
નરસીંહ હો દરશ દીયા, ત્રીલોકમેં જશ છા ગયા. શ્રીરામ

ઐસી ભીલન શીવરી કીસ પ્રેમસે સુમરન કીયા.
પરમાત્મા ઘર આયકે ઉસ હાથસે ફલ પા ગયા–શ્રીરામ.
વાલ્મિકી બડા અધર્મી ઉસ નામકા સુમરન કીયા
સતકોટી રામાયણુ કરકે પ્રભુ પદારથ પાગયા–શ્રીરામ.
સતકોટીકી તકસીસમેં જબ શંભુને પાયા ઉસે
જાપે કૃપા ભઈ, ઉનકી સદગુરૂશે દર્શાદીયા–શ્રીરામ.
સબસે બડા દરજાદીયા ભક્તોકાં ઈસ કલીકાલમેં
નરસીંહકી હુંડી દ્વારીકામેં, શામલે, સીકરા દીયા–શ્રીરામ,
છા રહી કીરતી વીમલ રૂતુ રાજસીં સંસારમેં
અબ્ર બ્રહ્માનંદ તુલસી. પ્રેમરસ બરસાદીયા–શ્રીરામ.

ભજન ૭૭ મું.

દામોદર દુખડાં કાપોરે—એ રાગ

આ દેહ બની અલબેલી રામ ખુબ જગતમાં ખેલી. ટેક.
ગુરૂજી મ્હારા તાપે તે નહી તપેલી.
એતો શીતળ છાંય બસેલી રામ ખુબ જગતમાં ખેલી. (૧)
ગુરૂજી મ્હારા કષ્ટે તે નાહી કસેલી,
એતો રસ બસ રંગમાં રહેલી રામ. ખુબજગતમાં ખેલી (૨)
ગુરૂજી મ્હારા નહિરે પુરાની થયેલી,
એતો નીત નીત નવી નવેલી રામ. ખુબ જગતમાં ખેલી. (૩)
ગુરૂજી મ્હારા પીંગલ કહે વાત છેલી,
એને બળતી દેખી અકેલી રામ. ખુબ જગતમાં ખેલી. (૪)

ભજન ૭૮ મું.

શ્રી કૃષ્ણ મથુરામેં બસકે
તેને ગોકુલ આવના છોડ દીયા
તેને ગોકુલ આવના છોડ દીયા
તેને ગોકુલ આવના છોડ દીયા. શ્રી કૃષ્ણ
જબસે તજ બ્રજવાસી ન કો,
તેને ગૈઆ ચરાના છોડ દીયા. શ્રી કૃષ્ણ
જબસે પ્રીત લગી કુબજાસે
પનઘટ આવના છોડ દીયા. શ્રી કૃષ્ણ
કંસકુ માર ભયે મહારાજા
ગલી અથડાના છોડ દીયા. શ્રી કૃષ્ણ
લલીત કીશોરી સંગ રંગ ભીનો
ગોપીઅન નેહકો છોડ દીયા. શ્રી કૃષ્ણ

ભજન ૭૯ મું.

રંગ રસીયા રાય રણછોડ છે, દરશનના મુજને કોડ છે,
જોયાના મુજને કોડ છે— રંગ રસીયા.
મુસ્તકે મુગટ કાનેરે કુંડળ, મુખ મોરલી ઘમઘોર છે—રંગ
બોડાણે ગુજરાત લાવીને રોપ્યો, કલ્પતરૂનો છોડ છે—રંગ
પ્રેમ રંગ વશ થઈ મુકી દ્વારકાં, આવી વસ્યા ડાકોર છે. રંગ
ત્રીભોવન તારણ ભક્ત આધારણ, એતો મારા ચીતડાનો ચોર છે
કહે હરિદાસ હરી ચરણે રાખો, એજ અમારા કોડ છે. રંગ

ભજન ૮૦ મું.

(રાગ ગઝલ તાલ ધમાલ)

મન તું રાધાકૃષ્ણ બોલ, તેરા કયા લગેગા મુલ (ટેક)
કડી તોડ જગતમેં આયા, માયાસે બહોત લપટાયા,
એ માયા હે જગ ઠગણી, એ ઠગણીકા સંગ છોડ;
તેરા કયા લગેગા મુલ ૧
દશ પાંચ કોસ નહી ચલતે, તેરે હાથ પાંવ નહી હીલતે,
તેરા દીલકી ગુંડી ખોલ, તેરા કયા લગેગા મુલ. ૨
મનતો રંગીલા ઘોડા, ઘોડેકું પાંચ બછેરા,
તું કહેતા હે મેરા મેરા, એ કાયામાં કયા હે તેરા,
ઘોડેકી વાંગ મરોડ, તેરા કયા લગેગા મુલ. ૩
મન તું ગોવિંદ ગોવિંદ ગાવે, તો તો ફરી જનમ નહી આવે,
એમ કહે છે દાસ કબીર, તું ભવ સાગરકું છોડ,
તેરા કયા લગેગા મુલ. ૪

ભજન ૮૧ મું.

(રાગ સમાજ ધુમાળી)

વૈષ્ણવ જન તો તેને કહિયે, જે પીડ પરાઇ જાણેરે,
પર દુઃખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણેરે ૧
સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેનીરે,
વાચ કાછ મન નિશ્ચળ રાખે, ધન ધન જનની તેનીરે ૨
સમ દ્રષ્ટિને તૃષ્ણા ત્યાગી, પરસ્રી જેને માતરે,
જીવ્હા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથરે ૩

મોહ માયા વ્યાપે નહિ તેને, દૃઢ વૈરાગ્ય જેના મનમાંરે
ભણે નરસૈયો તેનું દરશન કરતાં કુળ ઈકોતેર તાર્યાં રે. ૪

ભજન ૮૨ મું.

રાગ—સોરઠ

તું તો ન્યારો રહીને, ખેલે છે નારાયણારે ટેક
તારી ઈચ્છા તો સૌ માયા, તેમાં સઘળા ભેદ સમાયા,
તું નિર્ગુણ પણ ગુણ તુજમાં, દીસે ઘણારે. તું તો.
પવન પાવકનો પિંડ બનાવે, તેમાં ચૈતન્ય તારૂં આવે,
તુજ ડહાપણ જોતામાં, કાંઈ નહીં મણારે. તું તો.
નટ જેમ પટને ઓથે રહે છે, સકળ પુતળાં નાચ કરે છે,
તેમ તારા કરમાં સર્વેના તાંતણારે. તું તો.
એક કળે સૌ જગત હલાવે, ચમક દ્રષ્ટિ જેમ લોહ ચલાવે
ઇચ્છા, જ્ઞાન, ક્રિયા, ગુણ તારા, સોહામણારે. તું તો.
તું ખેલે છે બાજી તારી, એમાં ન પહોંચે બુદ્ધિ અમારી,
છોટમ તુંજને ભજતાં ભાંગે, ભ્રમણારે. તું તો.

ભજન ૮૩ મું.

રાગ—સોરઠ.

કાયા છે ત્યાં સુધી કર સ્મરણ કીરતારનું રે, ટેક
જતન કર્યું જઠરામાં જેને, તારો દેહ રચ્યો છે તેને,
તેણે કામ કર્યું છે અતિ ઉપકારનું રે કાયા.

પ્રસવ થયા પહેલું પય કીધું, માતાના સ્તનમાં રચી દીધું,
તેને કારજ સોપ્યું તારા આહારનુંરે. કાયા.
કાન દીધા છે તુજને કેવાં, સરવે અંગ અમુલખ એવા,
અંતઃકરણ કીધું છે, વિવિધ વિચારનુંરે. કાયા.
દાંત દીધા છે ચાવણું ચાવવા, અન્ન સરજીઉ ઉદર ભરવા,
કર દીધાં છે કારજ કરવા. વહેવારનારે. કાયા.
સુર દુર્લભ મનુષ્યા દેહ પામી લંપટ ના થાવું લુણ હરામી
છોટમ શરણ ગ્રહીલે. સરજનહારનું રે. કાયા.

ભજન ૮૪ મું.

રાગ ખ્યાલ

કનૈયો તેરો કાળો, મોહન બંસીવાલો, કેસે બ્યાહુ રાધે. ટેક
કાળો કાળો મતકર ગોવાલણ, જગકો હે રખવાળો રામ
જગકો હે રખવાળો,
કાલીંદ્રીમાં કૂદ પડયો હે, કુંક ભયો કાનો હે કાળો
મોહન બંસીવાલો
રાધા મેરી એસી ગોરી, જેસો ચંદ્ર ઉજીયારો રામ જેસો
કનૈયો તેરો એસો કાળો કેસે કરેંગે મારી રાધા પતીયારો
કેસે બ્યાહુ રાધે કનૈયો.
ઘરઘરકી એ ગૌવા ચરાવે ઓઢી કામળો કાળો (૨)
લુંટી લુંટી દધી માખણ ખાચે, કેસે કરેગે મેરી રાધાકો
ગુજારો રામ કેસે બ્યાહુ રાધે. કનૈયો

બંસીકી લટપટ સુણી ગોવાલણ, બાલક બડો રસાળો
રામ બાલક બડો રસાળો
સુરદાસ કે સ્વામી શ્યામળો સુણુ લીજે મજરો હમારો
રામ કેસે બ્યાહુ રાધે. કનૈયો.

ભજન ૮૫ મું,

(ગજલ તાલ ધમાલ)

કરો હરિકા ભજન પ્યારે ઉમરિયા બીત જાતી હૈ. (૨) ટેક
પૂર્વ શુભ કર્મ કર આયા મનુજ તન ધરણિમેં પાયા;
ફિરે વિષયોમેં ભરમાયા મોત નહિ યાદ આતી હૈ. ૧

બાલાપન ખેલમેં ખોયા જોબનમેં કામ વશ હોયા;
બુઢાપે ખાટપર સોયા આશ મનકો સતાતી હૈ. ૨

કુટુંબ પરિવાર સુત દારા સ્વપન સમ દેખ જગ સારા,
માયાને જાલ બિસ્તારા નહીં યહ સંગ જાતી હૈ, ૩

જો હરિકે ચરણુ ચિત લાવે સો ભવસાગરકો તર જાવે,
બ્રહ્માનંદ મોક્ષ પદ પાવે વેદ વાણી સુનાતી હૈ. ૪

ભજન ૮૬ મું.

રામાયણમાંથી લીધેલા પ્રસંગો.

કેવટ આખ્યાન.

ચોપાઇ—

જાસુ વિયોગ વિકલ પશુ ઐસે પ્રજા માતુ પીતુ જીવહિ કૈસે
વર વસ રામ સુમંત્ર પઠાયે સુર સરી તીર આપુ ચલી આયે
માંગી નાવ ન કેવટ આના કહેઉ તુમારા મરમ મેં જાના
ચરણ કમલ રજ કહ સબ કોઉ માનુષ કરણી મુરી કછુ અહઉ
છુઅત શીલા ભઇ નારી સુહાઈ પાહન તે ન કાઠ કઠીનાઈ
તરણીહ મુની ઘરની હુઇ જાઇ વાટ પરે મોરી નાવ ઉડાઈ
યહ પ્રતિ પાલૌ સબ પરિવારૌ નહિ જાનૌ કછુ ઔર કબારૂ
જો પ્રભુ અવશી પારંગા ચહહુ મોહિપદ પદ્મ પખારન કહહુ

છંદ—પદ પદ્મ ધોઇ ચઢાઇ નાવ ન નાથ ઉતરાઈ ચહૌ
મોહિ રામ રાઉરી આની દશરથ શપચ સબ સાચી કહૌ
વરૂ તીર મારહી લછણપેં જહાં લગી ન પાંવ પખારીહું
તબ લગી ન તુલસીદાસ નાથ કૃપાલુ પાર ઉતારી હું

દોહો—સુની કેવટકે વેન, પ્રેમ લપેટે અટપટે
વિહંસે કરણા અયન, ચિતૈ જાનકી લછણ સન સીયાવર.

ચોપાઇ—

કૃપાં સિંધુ બોલે મુસકાઇ સોઇ કરહું જેહિ નાવ ન જાહિ
વેગી આની જલ પાવ પખારૂં હોત વિલંબ ઉતારહુ પારો
જાસુ નામ સુમીરત એક વારા ઉતરહિ નર ભવસિંધુ અપારા
સો કૃપાલુ કેવટહિં નીહોરા જેહી જગ કિયોતિહુ પગતે થોરા
પદનખ નીરખી દેવ સુરી હરખી સુની પ્રભુ વચન મોહમતિ કરસી
કેવટ રામ રજાયસુ પાવા પાની કઠવતા ભાર લઇ આવા
અતિ આનંદ ઉમંગી અનુરાગા ચરણ સરોજ પખારન લાગા
વર્ષિ સુમન સુર સકલ સિરાહી યહિસમ પુણ્યપુંજ કોઉ નાહિ
દોહો—ચરણ ધોઈ જલપાન કરી આપ સહિત પરીવાર
પીતરપાર કરી પ્રભુહી પુની મુદીત ગએ લઇ પાર. સીયાવર.

ભજન ૮૭ મું.

ગઢ પરવતસે ચલા દીગંબર, મથુરા નગરી આયા હો (૨)
જોગી દુવારે આયા નંદ ઘેર, જોગી દુવારે આયા હો. ગઢ.
વાઘંબર પીતાંબર શોભે, સેશ નાગ લપટાયા હો,
મુખકે ઉપર તીલક ચંન્દ્રમા, જોગી જટા બઢાયા હો ગઢ.
ખટર ખટર ગળે રૂદ્રકી માળા, ફટર ફટર મૃગ છાલા હો,
ભચર ભચર બાવો ભાંગજ ચાવે. અજબ રૂપ ધરી આયા હો.
ભીક્ષા લેઇ આઇ નંદરાણી, કંચન થાળ પુરાયા હો,
લ્યો ભીક્ષા આસન પર જાઓ, મેરો ગોપાલ ડરાયા હો ગઢ
ના ચૈયે તેરી દોલત દુનીયા, ના ચૈયે માલ ખજાના હો,
તેરા બાલકકા દરશન કરના, મેરા ગુરૂને બતલાયા હો. ગઢ.

બાળક લેઈ આઇ નંદરાણી, અંચળ ઓથ છુંપાયા હો,
પાંચ બેર પરકમા કરકે સીંગી નાદ બજાયા હો. ગઢ.
ચૌદ ભુવનકા અંતર જામી, બાળક રૂપ બનાયા હો,
દાસ નારણુસીંગ ગુરૂ પ્રતાપે, શંભુ દરશાન પાયા હો. ગઢ

ભજન ૮૮ મું.

શું કહીએ જસોદા માડી, કાનાના લક્ષણુ ભારી. મારી માડી.
શામળીઓ તારો ચોર છે.
તમે સુણો જસોદા માડી, હવે વાત કહું વીસતારી. મારી માડી.
શામળીઓ માખણુ ચોર છે,
હમો સખીઓ બેઠી સાથે, આવ્યો ગ્વાલબાળ સંગાથે. મારી માડી
સીંકેથી માટ ઉતાર્યું, મારૂં માખણુ ખાવા માંડયું. મારી.
ગ્વાલબાળે માખણુ પીધું, મારૂં ઘર ધુળધાણી કીધું. મારી.
એને પીવાય એટલું પીધું, બાકીનું ઢાળી દીધું. મારી.
એને ગોરસ લાગે મીઠું, જાણે કોઈ દહાડો નવ દીઠું. મારી.
મેં પુંઠેથી પકડી લીધો, મારા મોં પર કોગળો કીધો. મારી
હું પકડી એને ખીજી, ત્યારે આંખો દીધી મીંચી. મારી.
હું પકડી ને અહીં લાવી, મારા વરની બાંય ઝલાવી. મારી.
દાસ છોટાનો સ્વામી કાળો, લટકાળો ને રૂપાળો. મારી.

ભજન ૮૯ મું.

એક સમય હરી હળધર સાથે
હસતા તાળી લઇને હાથે
આંગણીઆ માંરે ખેલે એક
માટીનું ઢેફુ ત્યાં દીઠુ
મોહનને મન લાગ્યું મીઠુ
હળવે રહીને રે લીધુ એક
બળ ભદ્રે અધીરા બહુ થઇને
કહ્યું જસોદાજીને જઇને
કૃષ્ણે માટીરે ખાધી એક
ઉતાવળા માતાજી આવે
પકડી હાથ પ્રભુને ધમકાવે
તેં કેમ માટીરે ખાધી એક
ના ના કહી હરી માથુ ધુણાવે
આંખોમાં આંસુડા લાવે
મેં નથી માટીરે ખાધી એક
જસોદાજી કહે હું નવ માનું
તારા ઢોંગ બધા હું જાણું
માર્યા વીણ નવરે મેલુ એક
મારો સીદ મુજને માતાજી
મેં જરીએ માટી નથી ખાધી
સાચે સાચુરે કહુ છું એક

સાચી વાત હશે જોતારી
તો હું સીક્ષા નથી કરનારી
ઊઘાડ તારૂ રે મોઢુ એક
માની વચન હરી એ મુખ ફાડયું
વીશ્વ સમસ્ત મહી દેખાડયું
માત અચંબો રે પામ્યાં એક

ભજન ૯૦ મું.

નંદરાણી તમારો કનૈઓ તોફાની તેને વારજો તેને વારજો
વખત વીના વાછરડારે છોડે
મહીની ભરેલી મટુકીઓ ફોડે
પેસી રસોડે તાવડી તોડે
ઝાલવા જઉતારે દડબડ દોડે એને વારજો નંદરાણી (૨)
ઊઘાડે બારણાં મારીને લાતો
ઘરમાં પેસીને એ ગોરસ ખાતો
નથી લજાતો કે ગભરાતો
લાગ જોઇ છાનો છટકીરે જાતો એને વારજો નંદરાણી (૨)
માંકલડાને ઘરમાંહી ઘાલે
જોર હમારૂ જરીએ ન ચાલે
ઓચીંતો આવે એને જ્યારે ફાવે
સુતેલા બાળકને રોવડાવે એને વારજો નંદરાણી (૨)

ઠામ મુખે માંડી ઘુંટડો પીતો
મેં અને પુંઠેથી પકડી લીધો
મારા મોઢા ઊપર કોગળો કીધો
હું આંખ્યો ચોળુને એ નાઠો સીધો એને વારજો નંદરાણી (૨)

ભજન ૯૧ મું.

હાંરે રામા ખેલે કાલંદ્રીને કાંઠડે
ગેંદ લઈને ગોપાળ (૨) ખેલે;
રમતા રમતા દડો ઊછળી રે પડયો યુમનાની માંય
કાછડો વાળીને કદંબે ચડયા
જળમાં જંપલાયા ત્યાંય ખેલે.
પળમાં પાતાળે જઈ પોંચીઆરે જ્યાં વસે કાળીનાગ
ઠેલી કમાડ ઉભા રહ્યા
સોધે પેસવાનો લાગ ખેલે.
કાળીનાગ પોઢી રહોરે નાગણો લેછે સંભાળ
દેખી હરીને લાગી બોલવા
અલ્યા કોનો તું બાળ ખેલે
એવા મા બાપ તારા કોણુ છે રે મુકયો રઝળતો આમ
શાને કારણે અહીં આવીઓ
તારે કોનું છે કામ ખેલે
નંદ બાવાનો હું બેટડોરે મારૂ કહાન કુંવર નામ

જલદી જગાડ તારા નાગને
મારે એનું છે કામ ખેલે
નથી ઓળખતો મારા નાથનેરે જેની અગ્ની સમજવાળ
ફું કે ઉભો ફાટી જશે
ખુટયો શું તારો કાળ ખેલે
બણુવાં ફુકીને બીવડાવશોરે તેથી હું ન બીનાર
આયુષની દોરી એના હાથમાં
નથી ઓઘેલી નાર ખેલે
નાગ એકા એક જાગીઓરે જેના લાલ ચોળ નેણ
આળસ મરડી બેઠો થયો
માંડી પોતાની ફેણ ખેલે
મુખે ફુફાટા મારતોરે જાણે ઝરતા અંગાર
ઓચીંતો મારી થેકડો
માથે ઉભા મોરાર ખેલે
નાથ ઘાલી એના નાકમાંરે પટકયો ઝાલીને પુંછ
લાગ્યા શ્રી નટવર નાચવા
મરડી નાંખી એની મુછ ખેલે
નાગણો સર્વે વીનવેરે હરીને જોડી બે હાથ
દીન જાણીને દયા કરો
દીન બંધું દીનાનાથ ખેલે
વીનતી વનીતાની સાંભળીરે દીધુ જીવત દાન
મુકયો નસાડી ત્યાંથી નાગને
એવા શ્રી ભગવાન ખેલે

ભજન ૯૨ મું.

તમે સાચુ બોલોને મારા શ્યામ અબોલડા શાને લીધારે
તમે એકવાર બોલો મહારાજ અબોલડા ,, ,,
એવો શોછે અમારો વાંક અબોલડા ,, ,,
તમે ગાયો તણા ગોવાળ અબોલડા ,, ,,
તમે જાતના છો ભરવાડ અબોલડા ,, ,,
બળી પાતાળે ચાંપીઓરે આપ થયા છડીદાર અબોલડા.
રામા અવતારે રાવણ રોળીઓરે આપ્યું વીભીષણને રાજ
;અબોલડા.
પંચાળીના ચીરપુરીઆરે નવસે નવાણુ મહારાજ અબોલડા.
હરણા કસ્યપને મારીઓરે આપ્યું પ્રહેલાદને:રાજ અબોલડા.
દુધ હતું તે આરોગીઊરે નામદેવનું તો મહારાજ અબોલડા.
દાસ કેશવનો સ્વામી સામળોરે અમને ઊતારો ભવપાર
અબોલડા.

ભજન ૯૩ મું.

કીધી મુને ઘેલીરે ઓધા (૨) કાનુડે કામણગારે; કીધી
સાળુડાની સુધ ભુલી ભાંગ પીધી લીલીરે ઓધા,
પાતીને ઠેકાણે મેતો ચોડી દીધી ટીલીરે. કાનુડે.
જળરે જુમનાના હુંતો જળ ભરવા ગઈતી ઓધા,
જુમનામાં મોરલી વહાલે ઘેરી ઘેરી લીધી રે. કાનુડે.

ઘર કેરો ધંધો ભુલી ભોજનીઆ નાભાવે ઓધા,
નયણુંએ નીર ઝરે અષાડની હેલીરે. કાનુડ.
મુખડાની માયા લાગી અવર નાહુંજો ઓધા,
મળજો મીરાંનો સ્વામી થાસે રંગ રેલીરે. કાનુડ.

ભજન ૯૪ મું.

માછીડા હોડી હલકાર મનહરી મળવાને,
મારે જાઉં છે પેલે પાર હરીમુખ જોવાને.
મનકરૂ મછવો તન કરૂ કછવો,
હે જીવને કરૂ રખવાળ. મનહરી.
તારી તે હોડીએ હીરલા જડાઉ
ફરતી મેલાઉ ગુગર માળ. મનહરી.
સોનાની દઉંગી રૂપાની દઉંગી,
દઉંગી ગલનકો હાર. મનહરી.
આણી તીરે ગંગા ને પેલી તીરે જુમના
વચ્ચે ઉભો નંદલાલ. મનહરી.
દાસ છોટાનો સ્વામી રસીક શીરોમણી
અમને ઉતારો ભવપાર. મનહરી.

ભજન ૯૫ મું.

ચતુર શ્લોકી ભાગવત.

શ્રી શુકદેવ કહે સૂણુરાય, ચતુર શ્લોકતણો મહિમાય,
ભક્તિ અનુભવ સહિત જે જ્ઞાન, કહે બ્રહ્માને શ્રીભગવાન

પ્રભુ શ્રીમુખ બોલ્યા વાણુ, સર્વરૂપ મને તું જાણુ
આદિ મધ્યને અંતમાં હું છું, ચરાચર વિષે હું રહું છું.
નામ રૂપ વડે જે દેખાય, ગુણ કર્મથી ગૃહણુજ થાય.
તેને જાણજે શક્તિ તું મારી, જોજે અનુભવ નેત્રે વિચારી.
ખોટું હોયને સાચું દેખાય, સાચું હોયને નહિ દરસાય
તેને જાણજે મારી તું માયા, જેમ રાહુ અને છાંયા.
ઘટ મઠ અને મહદાકાશ, ભિન્ન ભાસે ઉપાધીથી સાથ
સહુમાં વ્યાપક સહુથી ન્યારૂ, જોજે અનુભવથી રૂપ મારૂં.
સહુ ન્યારા થતા રહે જેહ, મારૂં રૂપ સમજ જે તેહ
દયા હરી ગુરૂ સંતની થાશે, ત્યારે શુદ્ધ સ્વરૂપ જણાશે.
એવું નારાયણે કહ્યું જ્યારે, બ્રહ્મદેવે ગૃહણ કર્યું ત્યારે
તેણે સૃષ્ટિ રચી અતિ ભારી, રાખ્યું જ્ઞાન હૃદયમાં સંભારી
આછે વેદ પુરાણનો સાર, કરે પાઠ જે નર ને નાર
તેના હૃદયમાં રામનો વાસ, કહે ગણપત દાસનો દાસ.

ભજન ૯૬ મું.

રાજા દસરથ રાજકુમાર, જનક પુરમાં આવો હરિ
નાના મોટા મહીપતી મળીયા, લંકાના સરદાર. (૨)
અયોદ્ધા નગરીથી કોઇ નહિ આવ્યું,
કોને આરોપું વરમાળ—જનક.
આગે વીશ્વામીત્ર ચલતહે, પીછે લક્ષ્મણભાઇ (૨)
બીચમે મેરો શ્યામ ચલતહે,
કુંડળ ઝળકે કાનમાંહી—જનક

જીતના નાના બાળક છોટા, ધનુષ ઉઠાયો ન જાય, (૨)
હરિએ હસી વળી કમર કસીને,
ધનુષ લીયોરે ઉઠાય—જનક.
ધનુષના ત્રણ કકડા કીધા, ત્રણ ભુવન રણુકાર (૨)
ક્યાં તો સુતા જોદ્ધા જાગ્યા,
કહાં તો જાગ્યા રઘુરાય—જનક.
રામ સીતાના વિવાહ રચીયા, શોભાવરણી ન જાય (૨)
તુલસીદાસ આશા રઘુવરકી,
તેરા ચરણોમાં શિષ ન માય—જનક.

ભજન ૯૭ મું.

તમે સાંભળો જ્ઞાનની વાત. આત્મા મુસાફરી.
મુસાફરીનો સો વીશ્વાસ. આત્મા. ,,
મુસાફરીના ભરૂસા નાહોય. આત્મા.
કાચી કાયા જુઠી માયા તેમાં શું લોભાયોરે,
અઘોર વનમાં તુજને લઇને, એકલો મુકી જીવ જાય. આત્મા.
શેઠાઇ પટલાઈ અહી આજ કરતા, પાછા પગલા ન ભરતાંરે
જેની આગળ છડીદાર પુકારે, તે નર દીઠા મરતા. આત્મા.
માયા રૂપી મોટી બેડી તે તોડી નવ તુટે રે
બાર ભર્યાં શુકદેવજી નાઠા. બેડી તેમને તોડી આત્મા.
માયા રૂપી ઊંડા કુવા. જે પડયા તે મુવારે
મુવા મુવાને તમે સીદ રૂવો છો. જીવતા જાગી જુવોરે. આ

માતા પીતા કુટુંબ કબીલા પશુ પંખીનો મેળોરે
એવું સમજી ને ગાય પ્રેમાનંદ. જીવ માયાનો મેળો. આત્મા.

ભજન ૯૮ મું.

તને મળ્યોરે મનુષ્ય અવતાર અવસર આવો નહી મળે,
ભાવે ભજી લેને ભગવાન. અવસર આવો નહી મળે.

સાખી.

લખ ચોરાસી ફેરા ફર્યાં ત્યારેજ પામ્યો માનવ તન,
સીદને ગુમાવે સામટુરે, અલ્યા કરને રતનનુ જતન. અવ૦

સાખી.

જનમ મરણનો ફેરો ટળેને જો ભાવે હરી ભજાય,
પણ અંધા રૂવે આંખનેરે અલ્યા માયાને બાઝતો શું જાય. અવ૦

સાખી.

જન્મ મરણની આપદારે, નથી કંઈ સંકટ સ્હેલ;
ધંધો કરતાં ઢળી પડયો, જેમ કાંઇ ઘાણી માહેલો બેલ. અવ૦
દાસ છોટાના સ્વામી શામળા અંતરમાં પ્રભુનો છે વાસ,
સતને મારગે તમે ચાલજોરે છુટે જનમ મરણ કેરો ત્રાસ. અવ૦

ભજન ૯૯ મું.

અંગરખુ એક તારૂંરે બનાવ્યું બહુ જુકિત કરી;
શીવનારો દરજી ડાહ્યોરે, કીધી છે માંહી કારીગરી. અં.

કારીગરી માંહી કેવી કીધી તેનો કહેતાં નાવે પાર,
બારીક કામ બહુ ઝીણું કીધું, ઉપર તાણ્યા છે તાર
ટાંકોતો નજર ન આવેરે, દેખોને સર્વે સુરત ધરી. અં.
ભાત બનાવી દોરીવાળી તેમાં નાખી બખીયા અપાર
વાળ્યુ વળે છે અકડ નથી તેમ તાણ્યાં નથી કંઇ તાર
પ્રમાણ કેવું લીધુંરે, અંગે છે બરાબરી. અં.
કમરપટો કોઠોને કુણી પુંચેથી પાની પ્રમાણ
તેમાં કરચોલી કાંઇ નથી વળી સીવનારો ચતુર સુજાણ
સારૂં સીવ્યું સંગેરે બેસતું છે બરાબરી. અં.
અંગરખુ બહુ રંગ બનાવ્યું પુરણ પ્રેમ પ્રકાશ
ચોંપ દેખોને દરજીની કેવી શીવતાં કીધાં નવ માસ
દાસ રણછોડનેરે પહેરાવ્યું પ્રભુ ખરાખરી. અં.

ભજન ૧૦૦ મું.

એક દીન ઊડે તાલસે હંસ,
ફીર નહિ આવેંગે ફીર.
સવાહાથ ધરતી લીપવાવે બાંસકાટી અર્થી બનવાવે,
પાંચ ઓર દસ ચલે સંગ તેરે, ચારતો ઊઠાવેંગે —ફીર.
તેરે તનપે દુહ જમેગી જાકે ઉપર રાહ ચલેગી,
જંગલ કેદાંગર અરૂધાર, ગઢેચર જાવેંગે —ફીર
જબ તાલપે હંસ બસેથે તબ બેઠે બેઠે હસેથે,
વહાં નથુચંદ કથેથે રામા ગાવેંગે. —ફીર

ભજન ૧૦૧ મું.

પ્રભુ ભજલે તું સ્વર્ગ તણા સુખ સજલે, ભજ રામ રામ રામ.
આકાયા તારો કાચનો કુપો, વણુસતા વાર ન લાગે
કાચ્યા કુંભમાં નીર ટકે નહી.
તેતો તરત ફુટી જાશે, ભજ રામ રામ રામ.
બાલાપણુ ખેલનમેં ખોયો, યોવન યુવતી સાથે
પરદારામાં મન લલચાવે, દુઃખનો સાગર માથે.—ભ૦ રામ.
મોજ મજા તને અતી પ્રીય લાગે.
પ્રભુનું નામ ન લીધું.
વૃદ્ધ ભયો તન કંપવા લાગે, પુન્ય દાન ન દીધું,—ભ૦ રામ
ઉત્તમ માનવ તન મળ્યો ભાવે હરીને ભજવા.
લખ ચોરાસીમાં નવ ફરશો, ભાવે ભજો ભગવંતા—ભ૦ રામ
સંત સમાગમ કરતાં કરતાં, પંથનો પારજ આવે.
ગુરૂ પ્રતાપે કહે રામદાસ, મોક્ષ પદ મીલજાવે.—ભ૦ રામ

ભજન ૧૦૨ મું.

વાહલારે સંતને જય જય સીતારામ,
હાં હાંરે એમને હાલતી વેળાના રામરામ. વાલા.
કયાં થકી આવ્યા ને કયાં તમો જાશો,
હાંરે તમે ક્યાંરે કરશો વીસરામ. વાલા.
સત સંગ કરવો ને ભવ સાગર તરવો,
હાંરે કાયા પડીએલ પીંપળ પાન. વાલા.

રૂદીઆમાં રાખુ ને ઘડીના વીસારૂ,
હાંરે મારે જુગના જીવણુ સાથે કામ. વાલા.
સત સંગમાં એક હુંસ બીરાજે,
હાંરે જીવને હોયરે આગળની ઓળખાણુ. વાલા.
દાસ જીવણુ સંતો ગુરૂ કેરે ચરણે,
હાંરે આપડે જાઊ છે વૈકુંઠ ધામ. વાલા.

ભજન ૧૦૩ મું.

રાગ હરિના બોલની બલીહારી.

એવા સંતની બલીહારી જઇએ ચરણુ કમળપર વારી
જેના અંતર રહે, અહોનીશ શાંન્તને અવિકારી
શાન્તને અવીકારી, પ્રભુ ભક્તીની રહે ખુમારી. એવા.
ધન્ય ધન્ય છે જીવન એવા
હરીના ભક્ત જનહરી જેવા
અધમતણુા ઓધારક થાતા પરદુખ ભંજનકારી. એવા.
જેને લીધા સંતના શરણુા
ટળીઆ તેના જન્મને મરણુા
જય જય સદગુરૂ આતમારામજી. ભવજળથી લ્યોતારી. એવા૦

ભજન ૧૦૪ મું.

હર નરબદે નરબદે હરે હરે
શીતલ પાણીની પવનની લહેરો
ફરરર ફરરર ફરે ફરે. હર.

સ્નાન પાન કે તુજ દરશનથી
સુધ મતી થાયે ખરેખરે. હર-
યાધી વ્યાધી સૌ દુર કરીદે
કોડ પુરણ તું કરે કરે. હર.
પવીત્ર પુરાણે તને વખાણી
ભજે ભલા જન ઘરે ઘરે. હર.

ભજન ૧૦૫ મું.

આત્મારામસે હોળી ખેલે સંત સુજાણ
જોગી ખેલે જોગ જુગતસે; તો દુનીયા ખેલે મસાણ.
પંડીત ખેલે પોથી પુસ્તકસે, તો કાજી ખેલે પુરાણ.
આત્મારામસે,
કામી ખેલે કામની કે સંગ, તો લોભી ખેલે દામ.
આત્મારામસે,
પતીવૃતા અપને પ્રીયાસંગ ખેલે, તો ગુણકા ખેલે હરામ.
આત્મારામસે,
સાહેબ કબીરા ખેલે સંત સંગતમે,
જયાં નહી ધન ઓર ધામ:
આત્મારામ,

ભજન ૧૦૬ મું.

સજકે આયે રઘુવીર હો, હોળી ખેલનકુ સજકે
વેગે બોલાવે કૈ કૈ સુતકો, તો આવે લછમણ બીર,
ધુમ મચાવનકુ સજકે, હો–હોળી.
લે પીચકારી સત્રુઘન ધાયે તો રંગકી ઉડત ફુવાર,
તન પર છાંટનકું, સજકે આયે, રઘુવીર
ચાલો સખી સીતાપે જઇએ, તો પહેરણુ નવરંગચીર,
નેપુર બાજનકુ સજકે આયે રઘુવીર.
તુલસીદાસ પ્રભુ કુ પકડો, આઈ અજોધ્યાકી નાર.
ફગવા મંગનકુ, સજકે આયે રઘુવીર.

ભજન ૧૦૭ મું.

હોળી ખેલે કે વ્રજમાં નંદલાલા (૨)
નંદલાલા. મોહનલાલ. ગોપાળલાલા અની હો–હો હોળી
ગ્વાલ કે સંગ શ્યામ બીરાજે, શ્યામ બીરાજે, હો–હો.
શ્યામકી સંગ હે, વ્રજ બાળા, હોળી ખેલે કે વ્રજમાં.
તાલ પખાજ બજાવે બંસરી, બજાવે બંસરી, હો–હો.
ડફ. ઝાંઝ. ઢોલ. કોઈ ફીરતાલા, હોળી ખેલે કે વ્રજમાં.
કનક કટોરે કેસર ઘોળ્યાં, કેસર ઘોળ્યાં હો–હો.
અતર અરગજે, ભર પ્યાલા હોળી ખેલે કે. વ્રજમાં.
રાધે ને સાન કરી સખીયનકુ, કરી સખીયનકુ હો–હો.

જાને ન પાવે કાન કાળા, હોળી ખેલે કે વ્રજમાં,
સબ સખીયન શું જાઇ પોંચી, જાઇ પોંચી, હો–હો.
પકડ લીયો હે, કાન કાળા, હોળી ખેલે કે વ્રજમાં.
પીચકારી ચોદેસથી છુટે, ચોદેસથી છુટે, હો–હો.
માર પડત હે ગુલાલા, હોળી ખેલે કે વ્રજમાં.
દાસ નાનો કહે નેણુ સરાયે, નેણુ સરાયે હો–હો.
નીરખી મુદીત ભયે મતબાલા, હોળી ખેલે કે વ્રજમાં.

ભજન ૧૦૮ મું.

લીનોમે શ્યામ પકડકે, અબ કહાં જાવગેજી, અરે હાં.
અંગલી પકડ તેરો પોંચો પકડકે, પકડી બાંય સમરકે,
અબ કાહે કો જોર કરત હો, કેસે છુટેગો છળ કરકે,
દાવ મેરો આય ગયોજી, અરે હાં લીનોમે,
દહીંકી મટુકી મોરીસી ધરી ફોરી. આગેમથનીઆ ધારકે
અબ કાહેકો ભોળો બન બેઠો, ખાઇલે નીચત ભરકે
કહ્યો સરમાઇ ગયોજી, અરે હાં–લીનોમે.
સાસુ નણંદ મોહે બુરી બતાવે; નામ ચોરટી ધરકે.
મદકી મારી ફીરૂ ગુજરીઆ, કૃષ્ણ ગયો કીત છળ કરકે,
બંસી બજાય ગયોજી, અરે હાં–લીનોમે.
પીલાં પીતાંબર કચ્છની યાંકા છે, કાલી કામલીયા ધરકે,
પરમાનંદ દાસકો ઠાકોર મોર મુગટ સીર ધરકે;
દરશન દીખાય ગયોજી, અરે હાં લીનોમે.

ભજન ૧૦૯

હાંરે નિત્ય ભજીએરે, નિત્ય ભજીએ (૨)
સુખદાયકશામ અંતરકામ વિસારીયે, નિત્યભજીએ,
કામ નાવેરે કામનાવે. (૨)
ધરતી ધન ધામ અંતર કામ વીસારીયે, નિત્ય.
અંતે એછે રે, અંતે એછે. (૨)
ઠરવાનો એક ઠામ શ્વાસ ઉશ્વાસે સંભારીયે, નિત્ય.
બ્રહ્મા નંદનોરે બ્રહ્માનંદનો (૨)
વ્હાલો સુંદીર શ્યામ, એ છબી અંતર ધારીયે નિત્ય.

ભજન ૧૧૦ મું.

શ્રી ભગવાનનાં ૧૦૮ નામ.

ગુરૂ ગોવીંદ કૃપાનીધી કેશવ કમળાનાથ કૃપાળ
કમળ નયન કરૂણાસાગર શ્રી કૃષ્ણ હરે ગોપાળ
ગોપીજન વલભ ગીરધારી શ્રી ગોપનાથ ગોપેશ
ગોકુળચંદ્ર ગદાધર ગોમતી પ્રિય રમેશ
નારાયણ નૃસિંહ નરોતમ નંદલાલ નરરૂપ
જગન્નાથ જળસાઇ જનાર્દન જોતીરૂપ જગરૂપ
જગદાધાર જશોદા નંદન જગજીવન જુગનેસ
શ્રી જુમના વલભ જુગ વંદન જગદીશ્વર જમુનેસ
ચક્રપ્રાણી ચત્રુભુજ અચ્યુત ચિદાનંદ શુભકંદ

ચતુર બાહુ ચાણુ રતન મર્દન શ્રીધર પરમાનંદ
દયાસીંધુ દામોદર દીનપતી દીનાનાથ દયાલ
દીનબંધુ પ્રભુ દેવકીનંદન નરપતિ સુરપતીપાળ
શ્રીપતિ પદમાપતી રાધાપતી કમળાપતી ભવેસ
દધીજાપતી રૂક્ષમણીપતી સાગર સીતાપતી રૂષિકેસ
પદમ નાભ પુરશોતમ પરીબ્રહ્મ પરમ પુરૂષ પરમેશ
પુષ્કરાક્ષ પરમાક્ષ પરમ પ્રભુ મધુસુદન મથુરેશ
ધરણીધર અવનીધર ભુધર વસુપતી મહીધારી
કૌસ્તુક ભુધર પીતાંબરધર વંસાધર કુંજબિહારી
માધવ મુરમર્દન મધુમર્દન મતીવીક્રમ સુખધામ
મુકુંદ મેઘવરણ માહાબાહુ જદુપતી સુંદર શ્યામ
શ્રી રામચંદ્ર પ્રભુ દશરથ નંદન દયાસીંધુ ભગવંત
માંમ પાહી પાહી માંમ પાહી માંમ પુરાણાંનંદ અનંત
અષ્ટોતર શ્રી નામ કૃષ્ણના ગણી ગણી જે જન ગાય
રોગ દોષ દુખ કલેશ જશે, વળી પળમાં પાપ પલાય
મન વાંછીત ફળ તેને મળશે દયો કહે પ્રુ વાણી
કોટીક કાર્ય તજીને ભજલે દ્રઢકર સારંગ પ્રાણી

ભજન ૧૧૧ મું.

ભવસાગરથી નાવડી હમારીરે તારો તારો ગુરૂજી એક વારી
તોફાનમાં પડી નાવડી હમારી હવે બુડવાની થઈ છે તઈયારીરે.
ભવસાગરથી.

કામના છે કછવા ને મોહના છે મછવા
મદ મઘરથી લેજો ઉગારીરે—તારો તારો ગુરૂજી.
મોહ તણા માંહી જાળમાં ફસાયો ને માયા નીરભર્યું ભારી
ગોળ કુંદાળુ ફરે નાવડી હમારી હવે બુડવાની થઇ છે તઇ-
આરીરે—તારો તારો ગુરૂજી
પ્રભુ કૃપાએ મારા સ્વામી પધાર્યા નાવડીને ખુબ હલકારી
સંતોષરૂપી સઢ મુકયો છુટયો એવા ભગતોને લીધા ઉગારીરે.
તારો તારો ગુરૂજી એક વારી.

ભજન ૧૧૨ મું.

(ગઝલ તાલ ધમાલ)

રામ દશરથકે ઘર જન્મે ઘરાના હો તો એસા હો
લોક દર્શનકો ચલ આયે સુહાના હોતો એસા હો ટેક
યજ્ઞકે કામ કરનેકો મુનીશ્વર લે ગયા બનમેં
ઉડાયે શીશ દૈત્યનકે નિશાના હો તો એસા હો. ૧
ધનુષકો જાયકર તોડા જનકકી રાજધાનીમેં,
ભુપ સબ મનમેં શરમાયે લજાના હોતો એસા હો. ૨
પિતાકી માનકે આજ્ઞા રામ બનકો ચલે જબહી,
ન છોડા સંગ સીતાને જનાના હો તો એસા હો. ૩
સીયાકો લે ગયા રાવણ બનાકર વેષ જોગીકા
કરાયા નાશ સબ અપના દિવાના હોતો એસા હો ૪

પ્રીત સુગ્રીવસે, કરકે ગિરાયા બાણુસે વાલી
દિલાઈ નાર ફિર ઉસકી ચરાના હોતો એસા હો. ૫
ગયા હનુમાન સીતાકી ખબર લેનેકો લંકામેં
જલા કરકે નગર આયા સિયાના હો તો એસા હો ૬
બાંધ સેતુ સમુદ્રમેં ઉતારા પાર સેનાકો,
મિટાયા વંશ રાવણુકા હરાના હોતો એસા હો. ૭
રાજ્ય દેકર વિભીષણુકો અયોધ્યા લોટકર આયે,
વો બ્રહ્માનંદ બલ અપના દિખાના હો તો એસા હો. ૮

ભજન ૧૧૩ મું.

કૃષ્ણુ પ્યારે શામળે દરશન દીખાતે કયું નહીરે (૨)
દીલ ધડકતા હે મેરા જલવા દીખાતે કયું નહીરે (૨)
તુમને અરજુનકો સુનાઇ ગીતા રથમેં બેઠકે;
એકહી અપના બચન, હમકો સુનાતે કયું નહીં રે (૨)
વૃંદ્રાવનકી કુંજમેં કયા બજાતાથા બંસરી,
ઓ મન મોહન મધુરી બંસી, હમકો સુનાતે કયું નહીરે. (૨)
એ જીંદગીકા કયા ભરોંસા મીલના હોય સો આઇ મીલ
અગર નહિંતો લેકે ખંજર માર જાતે કયું નહિરે. (૨)
પ્રેમકી તુજકો કસમ હે અગર જો મીલના ના મુજે,
તો તું અપના હાલ મુજકો, કહે કે જાતા કયું નહીરે (૨)

ભજન ૧૧૪ મું.

શામળીયા પીતાંબર ધારી,
તારી ગરૂડ ઉપર અસવારી હો શામળીયા
રાધાવર રંગના રસીયા,
મારા રદય કમળમાં વસીયા હો શામળીયા.
પ્રભુ મુખપર મોરલી ધારી,
જાઉં ચરણ કમળ બલીહારી હો શામળીયા.
પ્રભુ પીળાં પીતાંબર શોભે,
તે જોતાં મનડુ લોભે હો શામળીયા.
રણુછોડ રંગી, મારા જન્મ જન્મના સંગી.
હો શામળીયા.
રણુછોડ રાયા, મને લાગી તમારી માયા,
હો શામળીયા.
પ્રભુ દ્વારકાંથી આવ્યા,
ભક્તોને લાડ લડાવ્યા હો શામળીયા.
હરીદાસ છોટાના સ્વામિ,
ઘટ ઘટ છો અંતરજામી હો શામળીયા.

ભજન ૧૧૫ મું.

આનંદ મંગળ આજરે—શામળીઆ વહાલા
નીરખવા નંદ કુમારરે—સામળીયા વહાલા

પીળા પીતાંબર પહેરીઆ—સામળીઆ વહાલા
કપાળે તીલક કેસરીઆ—સામળીઆ વહાલા
માથે મેવાડી રૂડો પાઘરે—સામળીઆ વહાલા
દરસન નો મલ્યો રૂડો લાગરે—સામળીઆ વહાલા
બાંહે છે બાજુ બંધરે—શામળીઆ વહાલા
છાતીએ ભગુ લંછનરે—શામળીયા વહાલા
ઉપર ગજ મોતી કેરા હારરે—સામળીઆ વહાલા
કટીએ કંદોરા બેને ચારરે—સામળીઆ વહાલા
દાસ છોટાના સ્વામી સામળા—સામળીઆ વહાલા
મુકોને મન કેરા આમળા—શામળીઆ વહાલા.

ભજન ૧૧૬ મું.

હરી ભજવાનું ટાણુંરે (૨)
વાલીડા તમને નહી મળેરેજી.
મનખો તારો નહી આવે વારંવાર (૨) હરીભજવાનું
વાગોળ થઈ અવતરશોરે ઉંધે માથે લટકશોરેજી,
મુરખ ખાસો ગોફણુ કેરા માર (૨)
ગોફણોનાં ગોળારે વાલીડા તમને વાગશેરેજી. હરી.
બળદ થઇ અવતરશોરે આડા ચીલા કાપશોરેજી,
મુરખ ખાસો પરોણા કેરા માર (૨)
પરોણાની આરોરે વાલીડા તમને વાગશેરેજી. હરી.
કુતરા થઇ અવતરશોરે ગલીએ ગલીએ ભટકશોરેજી;

મુરખ ખાસો લાકડીઓ કેરા માર (૨)
લાકડીઓના મારરે વાલીડા તમને વાગશેરેજી. હરી
ગુરૂને પ્રતાપે જેઠીદાસ બોલીયારેજી,
શોધી કાઢો સંત પુરૂષનો સાથ,
જન્મ મરણની પીડારે (૨)
વાલીડા તારી ભાંગશેરેજી. હરીભજવાનું.

ભજન ૧૧૭ મું.

વહાલા વેગે આવોરે, દયા દીલ લાવોરે
ભીડું મારી ભાગવારેજી.
નહીં આવો તો જાશે તમારી લાજ (૨) વહાલા.
પાપ તાપ સંતાપથી પૃથ્વી પામી ત્રાસ.
ગૌ રૂપે શરણે જતાં પ્રગટયા શ્રી અવીનાશ
એ શરણું તમારૂંરે, સુખ કરનારૂંરે. વહાલા.
મીરાં ધ્રુવ પ્રહલાદને ભાવીક નરસિંહદાસ,
અનેક ભક્ત ઉગારીયા એની છે હમને આશ;
આશ છે તમારીરે, હરિ ઉરમાં ધારીરે. વહાલા.
હેમનો દવ વરસ્યો હરિ, ટાઢે કંપે કાય
વસંત દરશન દાખવી, હુંફ કરો રઘુરાય.
હરિ હૃદય આધારારે, કરૂં નહી ન્યારારે. વહાલા.

ભજન ૧૧૮ મું.

ક્યા લાયા ક્યા લે જાવેગા બીના દીયા કુછ મીલતા હે
રામ નામકા સુમરણ કરી લે દેને વાલા દાતા હે–ક્યા લાયા.
મટી ચુન ચુન મહેલ બનાયા મુરખ કહે ઘર મેરા હે
ના ઘર તેરા ના ઘર મેરા આખર જંગલ ડેરા હે–ક્યા લાયા.
કોડી કર કર માયા જોડી, જોડ જમીનપે ધરતા હે,
જેસી જીસકી કીસમત બાવા, એસા ઉનકુ મીલતા હે–ક્યા લાયા.
કોઇ દીન ચડના હાથી ઘોડા, કોઇ દીન મલમલ ખાસા હે;
કોઇ દીન ઓઢના પતલીસી કમલી, કોઇ દીન જંગલ બાસા હે–ક્યા
કહેત કબીરા સુન ભાઇ સાધુ, જન્મ અમુલખ પામ્યા હે
રામ નામકા સમરણ કર લે દેને વાલા દાતા હે–ક્યા લાયા.

ભજન ૧૧૯ મું.

રાગ ધનાશ્રી

જમુનામેં કુદ પર્યો. કનૈયો તેરો,
જમુનામે કુદ પર્યો—ટેક.
કાળો કાળો નીર, કાલીંદ્રીકો ભરીયો,
નીર તો દેખીને ના ડર્યો. કનૈયો તેરો
માતા જશોદા રૂદન કરે છે;
નયનુંમે નીર ભર્યો. કનૈયો તેરો
ટચલી આંગળીએ વહાલે, ગોવર્ધન તોળ્યો;
ઇન્દ્રકો માન હર્યો. કનૈયો તેરો
બાઇ મીરાં કહે પ્રભુ, ગિરધરના ગુણ;
ચરણુમેં ચિત્ત ધર્યો. કનૈયો તેરો

ભજન ૧૨૦ મું.

રાગ કવાલી.

થવાનું ના થવાનું કહે નજુમી કોણ એવો છે
ન જાણ્યું જાનકી નાથે સવારે શું થવાનું છે
અરે લંકેશ બહુ બળીયો થયો બેહાલ ન જાણ્યું
જગત સૌ દાખલા આપે, સવારે શું થવાનું છે
જુવો પાંડવ અને કૌરવ, બહુ બળીયા ગણાયા છે.
ન જાણ્યું ભીષ્મ જેવાએ સવારે શું થવાનું છે.
થઇ રાજા રમ્યા જુગટુ ગુમાવ્યું પત્ની સૌ સાથે,
ન જાણ્યું ધર્મ જેવાએ સવારે શું થવાનું છે.
હતી સલ્યા રૂપે અહલ્યા, જગતમાં વાત જાહેર છે,
ન જાણ્યું જ્ઞાની ગોતમે સવારે શું થવાનું છે.
સ્વરૂપે મોહીની દેખી, સહુજન દોડતા ભાસે;
ભુલ્યા યોગી થઇ ભોળા સવારે શું થવાનું છે.
થવાનું તે થવા દેજે, ભલે મન મસ્ત થઇ રહેજે,
બની મસ્તાની જાણ્યું ના સવારે શું થવાનું છે.
હજારો હાથ નાંખે છે, હજારો મોજમાં મશગુલ,
હજારો શોચમાં છે કે અમારૂં શું થવાનું છે.

થાળ.

જમવા પધારોને સુંદર શામળા, બંસીધર શ્રી હરી,
જમવા આવોને નંદલાલ, ઘેર માહરે બાઇજીનું સાલ.
હુંતો જાઉં તમપર વારીજી, જમવા.
શીરો સાકરનો તો કીધો પીરસીને આગળ દીધો,
જોઇએ જેવો તેવો કીધોજી. જમવા.
લાડુ પુરી ને દુધપાક કઢી કીધી છુટી વાલની દાળ,
પીરસ્યા પરવરના શાકજી. જમવા.
કેરી કરમડાના અથાણા રાઇતા ઘણી જાતના કીધા,
પાપડ તીખાને તમતમતાજી. જમવા.
ભાત ત્રણ પંખારીનો કીધો, ઉપર ઘીનો દોરો દીધો,
છુટી સેવો જેવો કીધોજી, જમવા.
ભરી જમુના જળની ઝારી આચમન કરીએ મોરારી,
લઇએ પાનને સોપારીજી, જમવા.
થાળ મીરાં બાઇએ ગાયો ભોજન રૂડી રીતે પાયો,
ગીરધરલાલે આરોગ્યોજી, જમવા.

પાન બીડી.

લેતે જાનેરે શામળીઆ બીડી પાન પાનકી (૨)
કાથો ને ચુનો રામા લવીંગ સોપારી પ્યારે
બીડી બની છે નાગર પાન પાનકી. લેતે જાનેરે.
વંદ્રાવનમાં રાસ રચ્યો છે.
જોડી બની છે રાધેશ્યામ શ્યામકી. લેતે જાનેરે.

હમ તુમ મીલકે ચોપટ ખેલે પ્યારે,
બાજી બની છે, દીલો જાન જાનકી. લેતે જાનેરે
ચંદ્ર સખી ભજો બાળકૃષ્ણકું,
જોડી બની છે રાધેશ્યામકી શ્યામકી. લેતે જાનેરે.

---

૧ આરતી.

ઉતારો આરતી શ્રી કૃષ્ણ ઘેર આવ્યા,
માતા જસોદા કુંવર કાન ઘેર આવ્યા,
હરખને હુલામણે શામળીયો ઘેર આવ્યા,
ઝીણે ઝીણે ચોખલીએ મેં મોતીડે વધાવ્યા રામ,
ઉતારો આરતી શ્રીકૃષ્ણ ઘેર આવ્યા.

---

૨ આરતી.

કમળ નયન શ્રી પતિ પુરૂષોતમ પ્યારા,
પ્રભુ પુરૂષોતમ પ્યારા.
નટવર નંદ દુલારા જય જય રઢીયાળા.
જય રાધા રમણા.
જય રાધા રમણા જય રાધા રમણા,
પ્રભુ જય રાધા રમણા.
કુંજ બીહારી દયાળુ જય પાતક હરણા—જય.
સહસ્ત્ર ફેણ રાજુ ત્રીભોવન ત્રીપુરારી,
પ્રભુ ત્રીભોવન ત્રીપુરારી.

ગીરીધારી મોરારી, જય મોરલીવાળા,
જય રાધા રમણા.
ગોવરધન તોળ્યો ગોકુળને તારી,
પ્રભુ ગોકુળને તારી,
વ્રજનો દેશ ઉગાર્યો, જય જય ગીરધારી–જય.
શ્રી રણછોડ રાયા મોહન વનમાળી,
પ્રભુ મોહન વનમાળી.
મન મંદીરમાં વશીયા, જય જય સુખકારી—જય.

શ્રી રામચંદ્ર કૃપાળુ ભજમન હરણ ભવ ભય દારૂણં,
નવકંજ લોચન કંજ મુખકરકંજ પદકંજારૂણં,
કંદર્પ અગણિત અમિતછબી નવનીલ નીરજ સુંદીરં,
પટપીત માનહુ તડિત રૂચિશુચિ નૌમી જનકસુતાવરં,
શિર કિરિટ કુંડલ તિલક ચારૂ ઉદાર અંગ વિભૂષણં,
આજાનુ ભુજ શર ચાંપધર સંગ્રામ જીત ખરદૂષણં,
ભજ દીનબંધુ દિનેશ દાનવ દલન દુષ્ટ નિકંદનં,
રઘુનંદ આનંદકંદ કૌશલચંદ દશરથ નંદનં,
ઇતિ વદિત તુલસીદાસ શંકર શેષ મુનિ મનરંજનં,
મમ હૃદયકંજ નિવાસ કરી કામાદી ખળદળ ગંજનં.

કર્તવ્યમાં મુકવા લાયક શિક્ષા વચનો.

ॐ हरे राम हरे राम राम राम हरे हरे
हरे कृष्ण हरे कृष्ण कृष्ण कृष्ण हरे हरे.

૧ જીવનની એક ક્ષણુ કરોડો સોના મ્હોરોથી પણ ખરીદી શકાતી નથી, તેને વ્યર્થ ગુમાવવા જેવી બીજી કંઇ નુકશાની છે ?

૨ સદ્‌ઉપયોગ સદ્‌ભાગ્યનો સહોદર છે, આજની કિમ્મત આવતી કાલથી ડબલ છે. આજે બને તે કાલ ઉપર રાખો નહી.

૩ વખત કુદરતનો ખજાનો છે, ઘડી અને કલાકો તેની તીજોરીઓ છે, પળો કે ક્ષણો તેના કિમતી હીરા છે, ડાહ્યા માણસો કિમતીમાં કિમતી હીરાને ગુમાવવા કરતાં એક પળને વ્યર્થ ગુમાવવામા વધારે નુકશાની સમજે છે.

૪ જ્ઞાન અને વિવેક ખરી આંખો છે, એના વિના માણસ છતી આંખે આંધળો છે, તે ખાડામાં પડે તેમાં નવાઈ શું ?

૫ ડોકટર, બેરિસ્ટર કે પ્રોફેસરની ડિગ્રી મેળવવામાંજ કેળવણીનો હેતુ પુરો થતો નથી. પણ જાહેર સેવા

બજાવવામાં અને આત્મ શ્રેય સાધવામાં તેનો ખરો હેતુ પાર પડે છે, ખરી રીતે જેનાથી મન મારતાં શિખાય તેજ ખરી કેળવણી.

૬ જે માણુસ પોતાની ઇચ્છાને કાબુમાં રાખી શકે નહી, તે જીવનની મુશ્કેલીઓ દુર કરી વિજય મેળાવી શકે નહી.

૭ સમાજસેવા અને દેશસેવા એ ઉત્તમ છે પણ આત્મ સેવા એ સર્વથી ઉત્તમ છે; કેમકે જગતના સર્વ પ્રાણીઓને આત્મવત ગણે, પરધન પથ્થર સમ ગણે અને પરસ્ત્રી માતા તુલ્ય માને તેનાથીજ આત્મસેવા થઇ શકે છે.

૮ પ્રશંસાની ઇચ્છા રાખો નહી. પણ પ્રશંસા થાય તેવાં કાર્યો કરો કીર્તી સત્કાર્યની સાથેજ રહે છે.

૯ જો તમારે મ્હોટા થવું હોય તો પ્રથમ ન્હાના બનો, ઉંડો પાયો નાખ્યા વિના મ્હોટું મકાન ચણી શકાતું નથી.

૧૦ મ્હોટાઇનું માપ ઉમ્મરથી કે શ્રીમંતાઇથી નહી પણ અક્કલથી કે ઉદારતાથી થાય છે. માટે ડાહ્યા અને ઉદાર બનો.

૧૧ તલવારની કિમ્મત મ્યાનથી નહી પણ ધારથી થાય છે તેમ માણસની કિમ્મત ધનથી નહિ પણ સદાચારથી થાય છે.

૧૨ વૈર લેવું એ હલકાઇનું કામ છે; ત્યારે ક્ષમા કરવી એ મહોટાઇનું કામ છે; વૃક્ષો પત્થર મારનારને પણ ફળો આપે છે.

૧૩ વાદળાંઓ વરસે અને વૃક્ષો ફળે ત્યારે નીચે નમે છે. તેમ સમૃદ્ધિ પામ્યા પછી વધારે નમ્ર બને તેજ સજ્જન ગણાય.

૧૪ વરસાદ માંગ્યા વગર વરસે છે તેમ સજ્જનો માંગ્યા વગર પોતાની સમૃદ્ધિ પરોપકારના કામોમાં ખરચે છે.

૧૫ મોટી પદવીએ ચઢયા પછી ગરીબોના ઉપર દયા ન રાખે તેજ શેતાન, શેતાનના ઉપર કાંઈ શીંગડા ઉગતાં નથી.

૧૬ સખાવત સ્વર્ગની કુંચી છે, અને દયા ખાનદાનીનો ખજાનો છે; પથ્થર જેવા હૃદયની સાથે ખાનદાની રહેતી નથી.

૧૭ નદીનું પાણી અસલ સમુદ્રમાં ભળે છે, તેમ દાન આપનારની દોલત પાછી વ્યાજ શીખે દાતાનેજ મળે છે.

૧૮ ભુંડાઇને બદલે પણ ભલાઇ કરે અને અપકારીનો પણ ઉપકાર કરે તે ખરો સત્પુરૂષ જાણવો.

૧૯ ચડતીમાં ગર્વ ન કરે, પડતીમાં ખેદ ન કરે અને શરણાગતનો કદી પણ ત્યાગ ન કરે, તેજ મ્હોટો માણસ.

૨૦ સાંભળે કે ગ્રહણ કરે તેનેજ શિખામણ આપવી સારી; મૂર્ખને શિખામણ દેવી તે સર્પને દુધ પાવા બરાબર છે.

૨૧ બીજાને ઠપકો આપો તેજ અવગુણ પોતામાં હોય તો, પ્રથમ પોતાનો અવગુણ દુર કરવો પછી બીજાને કહેવું.

૨૨ ચોર, વ્યભિચારી, ધર્મદ્રોહી, માણસથી હમેશ દુર રહેવું, તેમની સોબત પાયમાલીમાં ઉતારનારી છે.

૨૩ અનેક યુદ્ધોમાં જીત મેળવનાર યોદ્ધાના કરતા મનો રાજ્ય ઉપર જીત મેળવનાર મ્હોટો યોદ્ધો ગણાય.

૨૪ શ્રીમંતો અને ત્યાગીઓને સંતોષમાં જે સુખ મળી શકે, તે સુખ બીજી કોઇ પણ ચીજમાં મળતું નથી.

સમાપ્ત.

દોહરા.

રામ નામકી લુંટ હે, લુંટ શકે તો લુંટ:
પીછેસે પસ્તાયગા, પ્રાણ જાયગા છુટ.

સારે જુગકી સંપત્તી, શ્વાસાસમ નહી હોય;
સો શ્વાસા રઘુનાથ બીના, તુલસી વૃથા ન ખોય.

સર્વ રતન દીએ નવ મીલે, આયુષ લવ[illegible] શ્વાસ:
સો શ્વાસા સબ મુર્ખને, ખોયો વિષયમાં નાશ.

પરધન પથ્થર જાણીએ, પરસ્ત્રી માત સમાન:
ઈતના કરે હરી ના મીલે, તો તુલસી [illegible]

દયા ધરમકો મુલ હે, પાપ મુલ અભિમાન:
તુલસી દયા ન છોડીએ, જબ લગ ઘટમાં પ્રાણ.

પરમારથકે કારણે, સબ ધન ડાલે ખોય:
મુરખ જાણુ ગીર પડે, દીન દીન દુના હોય.

પુરાણકો પાર નહિ, વેદાન્તકો અંત નહિ:
વાણિ તો અપાર કહો; કહાં ચીત દીજીએ.
લાખનકી એક કહું, કરોડકી એક કહું;
સબહીમે સાર એક, રામ નામ લીજીએ.

શ્રીરામ નામ સત્યં છે.